પ્રસ્તાવના.

તા. ૧૯-૨૦ ફેબરવારીના રોજ આપણી મહા પ્રતાપી મહારાણી વિક્ટોરીઆ સાહેબ કૈસરેહિંદને રાજ્ય કરતાં પચાસ વર્ષ થયાં તેનો ઉત્સવ પાળવા સારૂ મેહેરબાન નામદાર ગવરનર જનરલ સાહેબ બહાદુરે ફરમાવ્યા ઉપરથી તે બે દહાડા હિંદુસ્તાનની મહારાણી સાહેબની તમામ રૈયતે આનંદ તથા હર્ષમાં ગાળ્યા, ને તેમ કરીને દરેક ગામ તથા શેહેરની રૈયતે પોતાની વફાદારી બતાવી. તેવીજ રીતે જોકે આ ગામ બહુજ નાનું છે તથા કેલવણીની બાબતમાં બહુજ પાછળ છે તોપણ પોતાની રાજ્યભક્તિ દર્શાવવામાં તે ચુક્યું નથી. મારા ધાર્યા પ્રમાણે આ ગામની રૈયતે પોતાની રાજ્યનિષ્ટા બહુજ સારી રીતે આ પ્રસંગે બતાવી છે. તેથી કરીને આ લઘુ પુસ્તકમાં તે વિગતવાર દર્શાવવાનું મેં યોગ્ય ધારી સવિસ્તર હકીકત પ્રગટ કરીછે.

જ્યુબિલીના પ્રસંગે અહીંઆંના તાલુકા સ્કુલમાસ્તર રા. રા. મનસુખરામ પ્રેમજીએ રચેલી આ લઘુ પુસ્તકમાં છાપેલી કવિતાઓ બહુ વખાણવા લાયક છે તેથી તે વાંચનારાઓને બહુ મનોરંજક થઈ પડશે એવી હું આશા રાખુંછું.

આ પુસ્તક લખવામાં અહીંઆંના સબરજીસ્ટ્રાર સાહેબ બાપાલાલ લલુભાઈએ તથા અહીંઆંની મ્યુનિસિપાલીટીના કારકુન રા. રા. તારાચંદ મૂળજીભાઈએ મને ઘટતી મદદ આપી છે તે માટે તેમનો હું આભાર માનુંછું.

કમિટીની ફરમાસ ઉપરથી મેં મારી અલ્પ મતિ

પ્રમાણે આ લઘુ પુસ્તક રચ્યુંછે. મને ગુજરાતી ભાષાનું પૂરવું જ્ઞાન નથી તેથી કરીને આ પુસ્તકમાં બહુ ખામીઓ હશે. માટે હંસની માફક પાણીમિશ્ર ક્ષીરમાંથી દુગ્ધ ગ્રહણ કરશો એવી હું વિદ્વજ્જનોને વિનંતિ કરૂંછું.

JOSEPH BENJAMIN Bamnolker,

ચિટનીસ, જ્યુબિલી કમિટી,

સાણંદ.

साणंदमां विक्टोरीआ ज्युबिली समारंभनो वृत्तांत.

આપણાં મહાપ્રતાપી મહારાણી સાહેબને રાજ્ય કરતાં તા. ૨૮-૬-૮૭ના રોજ પચાસ વરસ પૂરાં થશે. પણ હિંદુસ્તાનમાં તે દિવસ ચોમાસામાં આવેછે તેથી તથા તે વખતે નામદાર વાઇસરાયસાહેબની સ્વારી સીમલે રહેછે તેથી તેઓ નામદાર સાહેબે તારી. ૧૬-૧૭મી ફેબરવારીએ બે દહાડા હિંદુસ્તાનની તમામ રૈયતે તેહેવાર તરીકે પાળવા એવું ફરમાવ્યા ઉપરથી, અહીંઆં તે તેહેવાર શી રીતે પાળવો, તેનો વિચાર કરવા સારૂ અહીંઆંના અમલદારોની તથા સદ્‌ગૃહસ્થોની તારી. ૯-૨-૮૭ના રોજ દવાખાનામાં સભા ભરાઈ હતી. તે વખતે રાવસાહેબ નવનીધરાયજી મામલતદાર તથા મ્યુનિસિપાલીટીના ચેરમેન, આજમ મગનલાલ ગોવિંદરામ અવલકારકુન, આજમ મહમદમીઆં ઉમરમીઆં ચીફકાનસ્ટેબલ, આજમ બાપાલાલ લલુભાઈ સબરેજીસ્ટ્રાર, આજમ મનસુખરામ પ્રેમજી તાલુકાસ્કુલ માસ્તર, આજમ માહાશંકર નથુરામ, આજમ નાગજીભાઈ વખતચંદ, ને આજમ જેઠાભાઈ હઠીસંઘ, મ્યુનીસીપાલીટીના મેમ્બરો, તથા શેઠ ગફુલભાઈ જેમલભાઈ, મેહેતા ચતુર કરસન, શેઠ સાંકળચંદ, હકમચંદ, આજમ કુબેરજી પુંજારામ બ્યાની, ને મેહેતા લલુભાઈ બાઇચંદ લોકલબોર્ડના મેમ્બરો, મેહેતા દેવકરણભાઈ અદેકરણ અહીંઆંની લોકલબોર્ડના મેમ્બર અને સાણંદ દરબાર

સાહેબના કારભારી, મી. જોસેફ બેન્જામીન, વિગેરે આશરે ૨૦૦ ઉપર સદ્ગૃહસ્થો ભેગા થયા હતા.

મી. જોસેફ બેન્જામીને રાવસાહેબ નવનીધરાયજીને અધ્યક્ષ સ્થાને બિરાજવા વિનંતિ કરી, તેને આજમ મગનલાલ ગોવિંદરામે ટેકો આપ્યા ઉપરથી રાવસાહેબ નવનીધરાયજી અધ્યક્ષ સ્થાને બિરાજ્યા. સભા ભરવાનું કારણ મી. જોસેફ બેન્જામીને કહી બતાવ્યા પછી અધ્યક્ષ સાહેબે આ ગામના લોકો વિગેરેએ જ્યુબિલીફંડમાં તે વખતે જે નાણાં ભર્યાં હતાં તેની ટીપ વાંચી સંભળાવીને પછી સૂચના કરી કે, આ જ્યુબિલીના સમારંભમાં રોશનીમાં તથા છોકરાઓ અને છોડીઓને ઇનામ વહેંચવા વિગેરે બાબતોમાં જે રકમ જાય તે બાદ કરતાં જે નાણાં રહે તે, ને તારી. ૧૨ મી મીનહુના રોજ મ્યુનિસિપાલીટીની સ્પેશિઅલ જનરલમિટીંગ ભરાવાના છે તેમાં તેમની દરખાસ્ત પ્રમાણે જો રૂ૨૦૦) મંજુર થાય તો તે નાણાંનો હાલ જે મેકાનકી લાયબ્રેરી બંધાય છે તેના ઉપર મેડો બાંધીને તેને "વિક્ટોરીઆ જ્યુબિલી હાલ" એવું નામ આપવું. પહેલાં ખાનગી રીતે અધ્યક્ષ સાહેબને મી. જોસેફ બેન્જામીને મહારાણી સાહેબનું કાંઈ સ્મારકકૃત્ય અહીંઆં કરવાનું હોય તો આ સૂચના ઠીક થઈ પડશે એમ કહ્યું હતું. અધ્યક્ષ સાહેબે બીજી એવી સૂચના કરી હતી કે, હાલ બંધાવતાં જો કાંઈ નાણાં બાકી રહે અને ટીપમાં નાણાં વધારે ભરાય તો અહીંઆં એક ક્લાક ટાવર કરીને તેને "વિક્ટોરીઆ જ્યુબિલી ક્લાક ટાવર" એવું નામ આપવું. ત્યારબાદ અહીંઆંના

રહીશ. રા. રા. કલ્યાણજી પુંજારામ ભ્યાની જે વઢવાણમાં વકિલાતનો ધંધો કરેછે ને અહીંઆંની લોકલબોર્ડના મેમ્બર છે તેમણે એક ટૂંકું પણ સરસ ભાષણ કર્યું જેની મતલબ નીચે મુજબ છે—

તેઉ સાહેબે કહ્યું કે, મહારાણી વિકટોરીઆ સાહેબને રાજ્ય કરતાં તારી. ૨૦ મી જુન સને ૧૮૮૭ ના રોજ પૂરાં પચાસ થશે. પણ તે વખતે ચોમાસુ હોવાને લીધે નામદાર ગવરનર જનરલ સાહેબ બાહાદુરે તારી. ૧૬–૧૭ ફેબરવારી સને ૧૮૮૭ એ બે દહાડા જ્યુબિલી* તરીકે પાળવા મુકરર કર્યાછે. હિંદુસ્તાનની રૈયત હમેશાં પોતાના રાજા તરફ વફાદારી બતાવવાના કામમાં દુનિઆની બીજી કોઇપણ રૈયતથી પાછળ પડીછે એમ બન્યું નથી, તેવીજ રીતે આ પ્રસંગે પણ રૈયતે પોતાની રાજ્યભક્તિ બતાવવી જોઇએ; કેમકે આ માહારાણી સાહેબના રાજ્યથી દરેક કોમને ફાયદો થયો છે. છેવટ તેઉ સાહેબે ત્યાં ભેગા થએલા દરેક નાતના આગેવાનોને વિનતિ કરી કે તેઓએ પોત પોતાની નાતના લોકોને આ બે દહાડા તેહેવાર તરીકે પાળવા તથા ઘેરો ઘેર રોશની કરવા સમજુત આપવી. જે પ્રમાણે કરવા નાતના દરેક આગેવાને કબૂલ કર્યું હતું.

તેમનું ભાષણ થયા પછી મી. જોસેફ બેન્જામીને ભા-

---

*જે રાજકર્તાને રાજ્ય કરતાં પચાસ વરસ થાય તેને યુરોપીયનો મહાભાગ્યશાળી ગણે છે, અને તેને ગાદીએ બેઠાના દિવસે મોટો મહોત્સવ કરે છે. એ મહોત્સવને અંગ્રેજીમાં 'જ્યુબિલી' કહે છે.

પણ કર્યું હતું તે નીચે મુજબ.—પહેલાં તેમણે અધ્યક્ષ સાહેબની અહીંઆં એક 'વિક્ટોરીઆ જ્યુબિલી હાલ' કરવો એ દરખાસ્તને ટેકો આપતાં જણાવ્યું કે, આપણાં પ્રતાપી મહારાણી વિક્ટોરીઆ સાહેબના રાજ્યનું આ પચાસમું વરસછે એટલુંજ નહીં,પણ તેમને કેસરેહિંદ એ ઇલકાબ ધારણ કર્યાંને પણ દસ વરસ થયાં છે; માટે આ બન્ને કારણસર આ તેહેવાર પાળવો જોઇએ.હિંદુસ્તાનમાં હાલના વખતની અંદર જેમણે પચાસ વર્ષ રાજ્ય કર્યું એવાં આપણાં મહારાણી સાહેબ પેહેલાંજ છે. મોગલ રાજાઓમાંના જેમણે ઘણાં વરસ સુધી રાજ્ય કર્યું એવા અકબર તથા ઔરંગજેબ હતા. પણ તેમણે પુરેપૂરાં પચાસ વરસ રાજ્ય કર્યું નથી. ઇંગ્લાંડમાં પણ કોઇ સ્ત્રી-રાજાએ પચાસ વરસ રાજ્ય કર્યું એવાં આપણાં મહા-રાણી સાહેબ પેહેલાંજ છે. આ મહારાણી સાહેબના રાજ્યથી હિંદુસ્તાનની પ્રજાને ઘણા ફાયદા થયાછે, જેવા કે કેળવણી હમણાં દરેક કોમમાં ફેલાઇ ગઇ છે અને લોકો ઇંગ્રેજી ભણવા તરફજ પોતાનો લક્ષ આપેછે. એટલુંજ નહીં, પણ સંસ્કૃતનો અભ્યાસ કરવા તરફ વિશેષ ધ્યાન આપવા શીખ્યા છે. તથા પ્રાચીન ગ્રંથો ખોળી કાઢવા તથા તેમનો પ્રસાર કરવા તરફ લોકોનું ચિત્ત વધારે લાગ્યુંછે ને તેથી કરીને સંસ્કૃતભાષા કે જે હિંદુસ્તાનના દરેક ભાગમાં જેટલી દેશી ભાષાઓ બોલાયછે તેઓની માતા છે તે મહારાણી સાહેબના રાજ્ય પેહેલાં એક ખૂ-ણામાં પડી રહી હતી, તેનું હમણાં પુનર્જિવન થયુંછે. પેહેલાં ધોળે દહાડે કોઇ માણસ લુટાયા વગર રેહે-

તો નહોતો, પણ હમણાં રાતના બારૂવાગે કોઈ નાનું છોકરૂં પણ ગમે તે ઠેકાણે હિંડતું હોય તોપણ તેને ઉની આંચ આવી શકતી નથી. આખા દેશમાં આગગાડી ફેલાઇ છે જેથી કરીને દૂર દૂરનાં માણસો એક ઠેકાણેથી બીજે ઠેકાણે સેહેજવારમાં જુજ ખરચે જઈ શકેછે ને તેથી કરીને ધારેલું કામ બહુજ ટુંકી મુદતમાં થઈ જાયછે. વખત એ બહુ મૂલ્યવાન ચીજ છે. જો આપણે એમ ધારો કે મુંબઈ જવું છે તો પેહેલાં બે મહિના લાગતા હતા પણ હમણાં તેર કલાકમાં અહીંઆંથી મુંબઈ જઈ શકાયછે; તેથી પેહેલાં કાંઈ કામ હોય તો ચારમાસ લાગતા તેના બદલામાં હાલ બે દહાડાની અંદર તે કામ કરી આવી શકાય છે અને તેથી તેને પેહેલાં જે ચારમાસ લાગતા તે બે દિવસમાં થાયછે. વેપારને પણ આગગાડીથી ઉત્તેજન મળ્યુંછે. તાર, સડકો, વિગેરે થવાથી પણ લોકોને ફાયદા થાયછે. તથા લોકોના સંરક્ષણ સારૂ પોલિસ રાખીછે. એવા અનંત ફાયદા આ રાજ્ય વડે થયાછે. માટે ગામ લોકોને મારી વિનંતિ છે કે જો કે કેળવણીની બાબતમાં આ ગામ પાછળ છે તથા બહુ નાનું ને ગરીબ છે તોપણ રાજ્યભક્તિમાં તે પાછળ નથી. કેમકે અહીંઆં મેકાનકી લાયબ્રેરી કરવા સારૂ લોકોએ સારી મદદ આપી હતી, તથા જે વખત આપણા પ્રિય નામદાર ગવરેનર સાહેબ લાર્ડરે રાજકોટથી મુંબઈ પાછા ગયા તે વખત તેમને માનપત્ર આપ્યું હતું. તેથી પણ અધિક આ વખત લોકોએ રૈયત તરીકે પોતાની ફરજ બજાવવી જોઇએ. કેમકે આ જ્યુબિલી આપણી પ્રિય રાજ્યમાતાની છે તેથીજ જેવી રીતે પુત્ર પોતાની મા તરફ પ્રીતિ દેખાડેછે તેવીજ રીતે આપણી દ-

યાળુ શેહનશાહઆનુ તરફ રાજ્યભક્તિ દર્શાવવી. ત્યારબાદ નીચે લખેલા સરકારી અમલદારોની તથા સદ્‌ગૃહસ્થોની કમિટી નીમવા સૂચના કરી હતી.

પ્રમુખ.

રાવસાહેબ નવનીધરાયજી માધવરાયજી, મામલતદાર તથા મ્યુનિસિપાલીટીના ચેરમેન.

સભાસદો.

સરકારી અમલદારો.

આજમ મગનલાલ ગોવિંદરામ, અવલકારકુન તથા મ્યુનિસિપાલીટીના મેમ્બર.

આજમ મહમદમીઆં, ચીફકાનસ્ટેબલ તથા લોકલબોર્ડ અને મ્યુનિસિપાલીટીના મેમ્બર.

આજમ બાપાલાલ લલુભાઈ, સબરજીસ્ટ્રાર.

આજમ મનસુખરામ પ્રેમજી, તાલુકાસ્કુલ માસ્તર.

આજમ તાપીશંકર, સબ પોસ્ટમાસ્તર.

સદ્‌ગૃહસ્થો.

મેહેતા દેવકરણભાઈ અદેકરણ, સાણંદ દરબાર સાહેબના કારભારી તથા લોકલબોર્ડના મેમ્બર.

આજમ કલ્યાણજી પુંજારામ જ્યાની, લોકલબોર્ડના મેમ્બર.

આ. જેઠાભાઈ હકીસંઘ, મ્યુ૦ અને લોકલબોર્ડના મેમ્બર.

આ. માહાશંકર નથુરામ, મ્યુનિસિપાલીટીના મેમ્બર.

આજમ નાગજીભાઈ વખતચંદ, એજન.

આજમ કુબેરજી સરદારસીંગ; એજન.

મેહેતા લલુભાઈ બાઇચંદ, લોકલબોર્ડના મેમ્બર.

મેહેતા ગકુલભાઈ જેમલભાઈ.

શેઠ સાંકળચંદ હુકમચંદ.
મેહેતા ચતુર કરસન.
પટેલ વરજલાલ ઇચ્છાભાઈ.

વળી તેમણે જણાવ્યું કે કમિટીના પ્રમુખ રાવસાહેબ નવનીધરાયજીની મેહેનતથી રૂ૯૦-૦-૦ ભરાયા છે તેમાં, સૌથી મોટી રકમ અમદાવાદના શેઠ મૂળચંદભાઈ હઠીસંગ તથા સારાભાઈ મગનભાઈ કરમચંદે મળી રૂ૫૧) ની આ ગામની રૈયત બહુજ ગરીબ છે તેથી પોતાની ખુશીથી આપી છે, માટે આ ગામના લોકોએ તેમનો મોટો પાડ માનવો જોઇએ. આ બે સદ્‍ગૃહસ્થોએ પેહેલાં પણ અહીં-આંની લાયબ્રેરી સારૂ રૂ૧૨૫) ની ભેટ કરી હતી. જ્યુબિ-લીના ફંડમાં અહીંઆંના દરબાર સાહેબે રૂ૨૫), તથા અહીંના જીનના કારખાનાવાળાઓએ રૂ૨૫) ભર્યા છે, ગામ લોકોએ રૂ૭૧-૧૨-૦ ભર્યા છે, સરકારી નોકરોએ રૂ ૬૦-૮-૦ ભર્યા છે, તથા ઝોલાપુરના લોકો તરફથી રૂ૧૭), ચોરવડોદ્રાના રૂ૧૯), દોદરના રૂ૫), શિઆવાડાના રૂ૧૦), ને ગોધાવીના રૂ૧૧), ભરાયા છે, તથા મ્યુનિસિપાલીટી તરફથી ૩૮-૩-૦ છોકરાઓને ઇનામ આપવા મંજુર થએલા ભરાયા છે, તથા સરકાર તરફથી રૂ૫૦) આવ્યા છે. વળી તેમણે જણાવ્યું કે અધ્યક્ષ સાહેબે જો "વિકટોરીઆ જ્યુબિલી હાલ" બંધાવતાં નાણાં બચે તો તેમાંથી "વિ-કટોરીઆ જ્યુબિલી કલોક ટાવર" બાંધવો એવી સૂચના કરી છે, પણ આ ગામના લોકો ગરીબ સ્થિતિના છે તેથી એટલી મોટી રકમ ભેગી થવી અશક્ય છે; માટે "વિકટો-રીઆ જ્યુબિલી હાલ" બંધાવતાં જો નાણાં બચે તો તે-

માંથી રા. રા. મુનસુખરામ પ્રેમજીના કહેવા મુજબ દરેક વરસે છઠ્ઠા ધોરણમાં જે છોકરો પેહેલે નંબરે પાસ થાય તેને ઇનામ અપાય તેટલી રકમ બાજે મૂકવી, તો થોડા ખરચે વિક્ટોરીઆ જ્યુબિલી ઇનામ એવું નામ કાયમ રહે. ત્યારબાદ આજમ મગનલાલ ગોવિંદરામે મી. જોસેફ બેન્જામીને કમિટી નીમવાની જે સૂચના કરી તેને ટેકો આપી જણાવ્યું કે, મી. જોસેફ બેન્જામીનનું નામ પણ કમિટીમાં દાખલ કરવું તથા તેમને આ કમિટીના ચિટનીસ નિમવા. અને પેહેલાં વિક્ટોરીઆ જ્યુબિલી હાલ બાંધવાની પેરવી કરવી કે જેથી કરીને જ્યુબિલીની નામના કાયમ રહે. આ નામના કરતાં નાણાં બચેતો બીજું જે કરવું હોય તે કરવું. આ દરખાસ્તને રા. રા. બાપાલાલ લલુભાઇએ ટેકો આપ્યા ઉપરથી ઉપલી બન્ને દરખાસ્તો સર્વાનુમતે પસાર થઇ હતી. ત્યારબાદ રાવ સાહેબ નવનીધરાયજીની મેહેનતથી જે રૂપિઆ ભરાયા હતા તેનો નીચે મુજબ કમિટિએ ખરચ કરવાનું ઠરાવ્યું હતું.—

રૂ૭૫-૦-૦ રોશનીના કામમાં, રૂ૯૮-૩-૦ છોકરાઓને તથા છોડીઓને ઇનામ વહેંચવામાં, રૂ૩૦-૦-૦ મિઠાઇ વહેચવામાં, રૂ૨૦-૦-૦ આતશબાજીમાં, રૂ૨૦-૦-૦ વાજામાં, રૂ૧૫-૦-૦ દરબાર ભરાવામાં, રૂ૧૦-૦-૦ પરચુરણ. બાકીના રૂપિઆ રહે તે જ્યુબિલી હાલ બંધાવવામાં આપવા. ત્યાર બાદ અધ્યક્ષ સાહેબનો આભાર માની સભા વિસર્જન થઇ હતી.

બીજે દિવસે એટલે તા. ૧૦-૨-૮૭ ના રોજ જ્યુબિલી કમિટીએ તા. ૧૬ તથા ૧૭ મી ફેબરવારીને રોજ નીચે મુજબ કરવા ઠરાવ્યું.—

તા. ૧૬ મીના રોજ બપોરે એક વાગે મામલતદાર સાહેબની કચેરીમાં દરબાર ભરવો ને પછી ત્યાંથી વરઘોડો કાઢી ચૌટામાં ફેરવી દવાખાનામાં લાવવો. ત્યાં બધા ભેગા થયા પછી મહારાણી સાહેબના માટે એક ખાસ પ્રાર્થના કરવી. ને ત્યારબાદ મહારાણી સાહેબને આશિર્વાદ આપવો. પછી નિશાળના છોકરાઓએ તથા છોડીઓએ એ અવસરને માટે રચેલી ખાસ કવિતાઓ ગાવી, અને ત્યારબાદ તેમને ઇનામ તથા મિઠાઈ વહેંચવાં. સાંજરે ગામમાં રોશની કરવી તથા આતશબાજી ઉડાવવી. બીજે દહાડે એટલે તા. ૧૭ મીના રોજ દવાખાનામાં સભા ભરાવી ગરીબોને અનવસ્ત્ર આપવાં. ને ત્યાર પછી અહીંઆંના સિદ્ધનાથ મહાદેવ આગળ મેળો ભરવો. સાંજરે કિર્તન કરવું તથા સ્ત્રિઓએ ભેગાં થઈ ગરબીઓ ગાવી.

તા. ૧૨ મી ફેબરવારીના રોજ રાવસાહેબ નવનીધરાવજી માધવરાવજીની સૂચના પ્રમાણે મ્યુનિસિપાલીટીએ "વિકટોરીઆ જ્યુબિલી હાલ" બંધાવવામાં ૨૨૦૦) ની મદદ કરવા બાબત વિચાર કરવા સારૂ અહીંઆંની મ્યુનિસિપાલીટીની સ્પેશિઅલ મિટીંગ ભરાઈ હતી, તે વખતે નીચે મુજબ કમિશનર સાહેબો હાજર હતા.—રાવસાહેબ નવનીધરાવજી માધવરાવજી ચેરમેન સાહેબ, આજમ મગનલાલ ગોવિંદરામ, મી. જોસેફ બેંજામીન, આજમ જેઠાભાઈ હઠીસંઘ, આજમ મોહાશંકર નથુરામ, ને આજમ નાગજીભાઈ વખતચંદ.

મેહેરબાન એમ. સી. ગીબ સાહેબ ઇસ્કવાયર, મ્યુનિસિપાલીટીના વાઇસ પ્રેસીડેન્ટ સાહેબ બહાદુર હાજર નહીં હોવાને લીધે સર્વાનુમતે રાવસાહેબ નવનીધરાવજી માધવરાવજી અ-

ધ્યક્ષ સ્થાને બીરાજ્યા હતા. તે વખતે ચેરમેન સાહેબની દરખાસ્ત ઉપર મત લેતાં આજમ નાગજીભાઈ વખતચંદે સુધારી દરખાસ્ત મૂકી કે, આ જ્યુબિલી હાલ બંધાવવામાં રૂ૮૦) સદ્ગૃહસ્થો તરફથી આવ્યા છે તેથી મ્યુનિસિપાલીટીમાંથી ફક્ત રૂ૧૨૦) ની મદદ વિક્ટોરીઆ જ્યુબિલી હાલ બંધાવવામાં લેવી. આ દરખાસ્ત સર્વાનુમતે પસાર થઈ હતી.

તા. ૧૩ મીના રોજ કમિટીની ફરમાસ ઉપરથી રાવસાહેબ નવનીધરાયજીએ મી. જોસેફ બેન્જામીનને માહારાણી સાહેબને મોકલવા સારૂ એક માનપત્ર ઇંગ્રેજીમાં ઘડવા કહ્યું હતું તે ઉપરથી તેમણે તે નીચે મુજબ ઘડ્યું હતું.—

ADDRESS.

Sanand,
16th February 1887.

To,

HER MOST GRACIOUS AND AUGUST
MAJESTY QUEEN VICTORIA,
EMPRESS OF INDIA.

MAY IT PLEASE YOUR MAJESTY,

We, the undersigned residents of Sanand Taluka in the Ahmedabad Collectorate of the Bombay Presidency, beg, with feelings of profound veneration, to crave Your Noble Majesty's permission to convey to Your Generous Majesty our most humble, sincere, and heartfelt congratulations on behalf of over 75,000 souls of this Taluka, who have the greatest pride and happiness to be Your Most Gracious Majesty's Indian subjects, on the

occassion of the Jubilee of Your Majesty's benign and benevolent reign of half a century, which is, amidst an out-burst of thanks-givings to Almighty God, being celebrated this auspicious day, the 16th February 1887, here as well as in every creek and corner of Your Majesty's Indian dominions, in the most grand style, and thus beg most dutifully to avail ourselves of this golden opportunity to express our sincere and deep feelings of profound loyalty to Your generous-hearted Majesty, whose philanthropic reign has added much to the glory and prosperity of England by its acts of beneficence, too numerous to be described here, which is unrivalled for its administration of justice, and which has done so much for the emancipation, amelioration, welfare, well-being, happiness, and prosperity of Your Majesty's millions of subjects, and especially of those of this vast dependency, of various denominations, castes and creeds.

With due reverence we here beg leave to give utterance to the manifestations of felicitations and gratitude, the visits to this country of Your Majesty's noble sons His Royal Highness the Prince of Wales, heir-apparent to the British throne in 1875-76, and His Royal Highness the Duke of Edinburgh in 1869-70, have occasioned, and especially the appointment of Your Majesty's

august son His Royal Highness the Duke of Connaught to the chief command of the Bombay Army, as His Highness's presence in our midst has been and will ever be a great boon to us, and also for having given us His Excellency Lord Reay, as Governor of this vast dependency, who has by his kindness and liberality already won the hearts of the people, and whose government, has, like that of Lord Ripon, been a blessing to us.

Lastly, we beg with most dutiful and respectful reverence to conclude by fervently joining in the universal supplication to the Omniscient, that He in His mercy may long spare Your Majesty and the whole Royal family in the continuous enjoyment of sound health, joy, peace, prosperity and happiness, to govern the greatest and mightiest empire in the world, and thus witness the realization of unceasing veneration and affection of Your Majesty's subjects in every part of the globe for a very long time to come.

We beg with profound veneration to remain,
Your most Gracious Majesty's most obedient, humble, loyal and devoted subjects,

માનપત્રનો ગુજરાતી તરજુમો.

સાણંદ—તા. ૧૬-૨-૮૭.

નેકનામદાર અતિ દયાળુ ને મહાપ્રતાપી વિક્ટોરીઆ મહારાણી સાહેબ કૈસરેહિંદ.

આપ નામદાર સાહેબ કુશળ રહો.

અમે નીચે સહીઓ કરનાર, મુંબઈ ઇલાકાના અમદાવાદ

જીલ્લાના સાણંદ તાલુકાના રહીશ, આ તાલુકાનાં ૭૫૦૦૦ કરતાં વધારે માણસો કે જેઓ આપ નામદાર સાહેબની હિંદી પ્રજા છે તેમાં અતિ સુખ તથા ભૂષણ માને છે, તેઓ તરફથી આજ તા. ૧૬મી ફેબરવારી સને ૧૮૮૭ ના શુભ રોજ અહીંઆં તથા આપના રાજ્યના હિંદુસ્તાનના દરેક ખુણા ખોચરામાં ઘણીજ ધામધુમથી આપના કૃપાળુ તથા પરોપકારી રાજ્યને પચાસ વરસ થયાં તેના ઉત્સવનો તેહેવાર (જ્યુબિલી) જે સર્વ શક્તિમાન ઇશ્વરની સ્તુતિ વચ્ચે પાળવામાં આવે છે, તે પ્રસંગે અમે અતિ નમ્રતા પૂર્વક, ખરા અંતઃકરણથી આપ ઉદાર નામદાર સાહેબને મુબારક બાદી આપવા ઘણાજ માન સાથે રજા લેઇએ છીએ, તથા આપના ભલા રાજ્યનાં ઉદાર કૃત્યો જેઓ એટલાં બધાં છે કે તેઓનું અહીંઆં વર્ણન થઇ શકે નહીં, તેઓના લીધે ઇંગ્લંડનો વૈભવ તથા આબાદાની ઘણીજ વધી ગઇ છે તથા લોકોને ન્યાય આપવામાં આપના રાજ્યની બરોબરી કરી શકે એવું બીજું રાજ્ય નથી, ને જુદા જુદા નામ ધરાવનારી તથા જુદી જુદી નાત તથા ધર્મની આપ નામદાર સાહેબની રૈયતના કરોડો, તેમાં મુખ્યત્વે કરીને આ વિશાળ દેશની રૈયતના સુધારા, કલ્યાણ, સુખ,તથા આબાદાની સારૂ આપના રાજ્યમાં ઘણુંજ થયુંછે તે સારૂ,આપ ઉદાર નામદાર સાહેબને અમારી રાજભક્તિની ખરી લાગણી બતાવવા આ સારી તકનો લાભ લેઇએછીએ.

આપના નામદાર પુત્ર પ્રીન્સઆફવેલ્સ યુવરાજે,સને૧૮૭૫-૭૬માં, તથા નામદાર ડયુકઓફ એડિનબરોએ સને ૧૮૬૯-૭૦ માં આ દેશની મુલાકાત લીધી તેથી,તથા મુખ્યત્વેકરીને આપના પ્રતાપીપુત્ર નામદારડયુક આફ કાનાટને મુંબઇનાલશ્કરના સઉથી

માટે હોદ્દે નીમ્યા છે, કે જેથી તે નામદાર સાહેબનું અમારા વચમાં રહેવું એ અમને એક દેણગી રૂપ થયુંછે ને થશે તેથી, તથા નામદાર લાર્ડ રે સાહેબ કે જેઓએ પોતાની દયા તથા ઉદારતાવડે પોતાની તરફ લોકોનાં મન ખેંચી લીધાંછે ને જેમનું રાજ્ય લાર્ડ રીપન સાહેબના રાજ્ય જેવું અમને આશિર્વાદ રૂપ થયું છે તેઓને આ મોટા ઇલાકાના અમારા ગવરનર તરીકે મોકલ્યા તે માટે અમને જે હર્ષ થયોછે તે તથા તે બદલ અમારી કૃતજ્ઞતા દેખાડવાની યોગ્ય સત્કાર સાથે રજા લઇએ છીએ.

છેવટ સર્વજ્ઞાતા પરમેશ્વર પોતાની દયા વડે આપ નામદાર સાહેબને તથા આપના બધા કુટુંબને હમેશાં આરોગ્યતા, આનંદ, શાન્તિ, આબાદાની તથા સુખમાં સૌથી મોટું તથા સૌથી બળવાન રાજ્ય કરવા ઘણાં વરસ રાખો. ને તેથી કરીને દુનિઆના દરેક ભાગમાં આપની જે રૈયત છે તેની પ્રીતિ તથા અખંડ ભક્તિ જોવા આપ ઘણા વખત સુધી જીવો એવી સાર્વજનિક પ્રાર્થનામાં ઘણા હેતથી ભાગ લેઇ આ માનપત્ર પૂરૂં કરવાની અમે રજા લઇએ છીએ.

અમે આપ દયાળુ નામદાર સાહેબની અતિ આજ્ઞાધારક, નમ્ર, રાજભક્ત, પ્રજા છીએ.

ઉપર પ્રમાણે માનપત્ર તૈયાર કરી લોકોને વંચાવવામાં આવ્યું હતું, તેથી બધાઓએ તે માનપત્ર મોકલવા સારૂ કહ્યું અને તે છપાવીને રૂપાની પેટીમાં મૂકીને માહારાણી સાહેબ તરફ મોકલવા નામદાર ગવરનર સાહેબ બહાદુર તરફ મોકલવાનો વિચાર હતો. પણ માનપત્ર મોકલવાં હોય તો જીલ્લાના કલેક્ટર સાહેબ તરફ તા. ૧૦ મી ફેબરવારીની અંદર મોક-

રૂ.ભવાં એવો નામદાર સરકારનો ઠરાવ થયા ઉપરથી આ વિ-ચાર દિલગીરીની સાથે બંધ રાખવો પડ્યો.

તારી. ૧૯ મી ફેબરવારી સને ૧૮૮૭

દરબાર.

બપોરના એક વાગવાના સુમારે પૈહેલાં બંદોબસ્ત થયા પ્રમાણે દવાખાનામાં સરકારી અમલદારો તથા ગામના સદ્-ગૃહસ્થો તથા બીજા ઘણા લોકો ભેગા થયા પછી ત્યાંથી બધા લોકો ભેગા થઇને આગળ દેશીવાજું વાગતું તથા તેની પાછળ મી. જોસેફ બેન્જામીન ફૂલથી વધાવેલી મહારાણી સાહેબની એક મોટી છબી તથા તેમના ડાબા હાથે તેમના નાહાનાભાઈ હાથમાં મહારાણી સાહેબના આખા કુટુંબની ફૂલથી વધા-વેલી છબી લેઈ ચાલતા હતા. અને તેઓની પાછળ અહીં-આંની નિશાળની છોડીઓ તથા છોકરાઓ ગાતા ગાતા ચાલતા હતા. બધા મળી પારેખના ડેલા આગળ થઇને કેડા વેણીદાસના મોટા રસ્તા આગળ થઇને ગોળ શેરડીમાં જવાને રસ્તે થઇને રાવસાહેબને લેવા સારૂ તેમના ઘેર ગયા ત્યાં રાવસાહેબે બધાઓને પાનસોપારી વહેંચી હતી. ત્યાર-બાદ બધા મળી ગોળ શેરડીમાં થઈ હોળીચકલા આગળથી ઘડીઆચોકી આગળ થઇને સડકને રસ્તે કચેરીમાં ગયા. ગામની અંદરનો આ રસ્તો પાણીથી છંટકાવ્યો હતો. કચેરીમાં ગયા પછી રાવસાહેબ નવનીધરાયજીએ અમલદારોનો તથા આગેવાન સદ્ગૃહસ્થોનો દરબાર ભર્યો હતો તે વખતે નીચે લખેલા મુખ્ય અમલદારો તથા સદ્ગૃહસ્થો હાજર હતા.

અમલદારો.

આજમ મગનલાલ ગોવિંદરામ અવલકારકુન, આજમ

મહમદમીઆં ઉમરમીઆં ચીફકાનસ્ટેબલ, રા. રા. બાપાલાલ લલુભાઈ સબરજીસ્ટ્રાર, રા. રા. તાપીશંકર પોસ્ટમાસ્તર. મી. જોસેફ બેન્જામીન, તથા બધું કચેરીમંડળ, તથા ઘણાએક તલાટીઓ, રા. રા. મનસુખરામ પ્રેમજી તાલુકાસ્કુલ માસ્તર તથા તેમના આસીસ્ટંટો, પોલીસપટેલ નથુભાઈ લાલદાસ વિગેરે.

સદ્‌ગૃહસ્થો.

શેઠ ગફુલભાઈ જેમલભાઈ, શા. નાગજીભાઈ વખતચંદ મ્યુનિસિપાલીટીના મેમ્બર, આજમ મહાકશંકર નથુરામ પંડ્યા મ્યુનિસિપાલીટીના મેમ્બર, આજમ જેઠાભાઈ હઠીસંગ મ્યુનિસિપાલીટીના તથા લોકલ બોર્ડના મેમ્બર, મેહેતા લલુભાઈ ભાઇચંદ લોકલ બોર્ડના મેમ્બર, જોશી જયશંકર જેષ્ટારામ, મેહેતા કાળીદાસ દેવકરણભાઈ, વિગેરે આશરે બીજા સો ઉપર હાજર હતા. તેમાં પીપણ, કાણેટીના પણ સદ્‌ગૃહસ્થો હાજર હતા. તે વખતે વચમાં જમણી બાજુએ મહારાણી સાહેબની છબી હાથમાં લેઈ રા. રા. રામચંદ્ર નાહાનાભાઈ કંપાઉન્ડર બધા લોકો જોઈ શકે એવી રીતે ઉભા હતા અને ડાબી બાજુએ અહીંઆંની છોકરાની નિશાળના આસિસ્ટંટ ભુરાલાલ જેષ્ટારામ મહારાણી સાહેબના કુટુંબની છબી હાથમાં લેઈ ઉભા હતા. બહારની બાજુએ લોકોની ઠઠ મળી હતી. બધા સદ્‌ગૃહસ્થો પોતપોતાને ઠેકાણે બેઠા પછી રાવસાહેબ નગીનધરાયજી માધવરાયજી અહીંઆંના મામલતદાર સાહેબે નીચે મુજબ ભાષણ કર્યું.—

સદ્‌ગૃહસ્થો, આપણાં પ્રિય મહારાણી સાહેબને રાજ્ય કરતાં પચાસ વરસ થયાં તેનો ઓચ્છવ પાળવા સારૂ નામદાર સરકારે તા. ૧૬-૧૭ ફેબરવારી એ બે દિવસ મુકરર કર્યા છે.

આ માહારાણી સાહેબના રાજ્યથી તમામ રૈયતને બહુજ સુખ થયુંછે. ઠેર ઠેર આગગાડીઓ, સડકો, કેળવણી, તાર, વિગેરે બહુ વિસ્તાર પામ્યાંછે. તેવીજ રીતે લોકોને ન્યાય પણ બહુજ સારી રીતે મળેછે. દાખલો. હું એક માજીસ્ટ્રેટ છું તેની રૂએ કોઇને ગેરવાજબી રીતે શિક્ષા કરૂં તો અપિલમાં વરિષ્ટ કોરટ તે શિક્ષા તરત રદ કરે. તથા કોઇપણ માણસ મનમાં બીક રાખ્યા વગર એક ઠેકાણેથી બીજે ઠેકાણે જઇ શકેછે. મને જોઇને ખુશી ઉપજેછે કે આ પ્રસંગે અહીંના લોકોએ ઉમંગની સાથે ભાગ લીધોછે. સાણંદમાં રાજ્યના પ્રતિનિધિ તરીકે મારી કહેવાની ફરજ છે કે રૈયતે પોતાની રાજ્યભક્તિ સારી રીતે દર્શાવવી. (તાળીઓ) ત્યારબાદ તેમણે પોતાને હસ્તે એકઠા થએલા લોકોને પાનસોપારી વહેંચ્યાં તથા ગુલાબજળ છાંટ્યું હતું. તે વખતે છોડીઓએ God save the Queen (ઇશ્વર તું રાણીનું રક્ષણ કરજે) ઇંગ્રેજીમાં ગાયું હતું, તે વખતે હાજર થયેલા બધા ગૃહસ્થો ઊભા થયા હતા. ત્યારબાદ દેશી વાજાવાળાઓએ ઉપલું ગાણું વાજામાં વગાડ્યું હતું ત્યારબાદ દરબાર બરખાસ્ત થયો હતો.

વરઘોડો.

દરબાર બરખાસ્ત થયા પછી તરતજ કચેરીમાંથી વરઘોડો નીકળ્યો હતો. સૌથી આગળ સરણાઇઓવાળા તથા ઢોલવાળા વગાડતા ચાલતા હતા. તેમની પાછળ દેશી વાજાવાળા, જેઓએ લશ્કરી જેવો પોશાક પહેર્યો હતો તે વાજાં વગાડતા ચાલતા હતા. તેમની પાછળ અહીંઆંની હથીઆરબંધ પોલિસની એક ટૂકડી ચાલતી હતી ને તેઓએ માહારાણી સાહેબના માન ખાતર વરઘોડો ફર્યો તેટલા વખતમાં એકસો

એકવાર બંદુકોના બાર કર્યા હતા. તેમના પાછળ અહીંઆંના મામલતદાર સાહેબની કચેરીના તથા મ્યુનિસિપાલીટીના પટાવાળા તથા ટપાલઆફીસના પટાવાળા, તથા ડીસ્પેનસરીનો પટાવાળો, શિળી દાક્તરનો પટાવાળો, તથા નિશાળનો પટાવાળો એવી રીતે મળી ચાલતા હતા. તેમના પાછળ જમણા હાથે મહારાણી સાહેબની છબી લેઈ મી. જોસેફ બેન્જામીન ચાલતા હતા, અને ડાબી બાજુ તેમના નાનાભાઈ રોબેન બેન્જામીન મહારાણી સાહેબના કુટુંબની છબી લેઈ ચાલતા હતા. તેમની પાછળ અહીંઆંની કન્યાશાળાની બાળાઓ ગરબીઓ ગાતી ગાતી હીંડતી હતી ને તેમની પાછળ અહીંઆંની છોકરાઓની નિશાળના તમામ છોકરાઓ ચાલતા હતા. દરેક વર્ગદીઠ એકેક મોટા છોકરાએ હાથમાં નિશાન લીધું હતું ને તે નિશાનો ઉપર God save the Queen, Long live Empress Victoria, Liberal-education, Liberty, Justice, Equality, Railways &c. ઈશ્વર તું રાણીનું રક્ષણ કરજે, શહેનશાહબાનુ વિક્ટોરીઆ ઘણું જીવો, વિશાળ કેળવણી, સ્વતંત્રતા, ન્યાય, સમદૃષ્ટિ, રેલવે વિગેરે શબ્દો ઈંગ્રેજીમાં લખેલા હતા. તેમની પાછળ મધ્યસ્થાને રાવસાહેબ નવનીધરાય તથા તેમની દરેક બાજુએ અમલદારો તથા સદ્‌ગૃહસ્થો ચાલતા હતા. પાછળ માણસોની બહુ ઠઠ ભરાઈ હતી. વરઘોડામાં પાંચ હજાર ઉપર માણસ હતાં. વરઘોડો કચેરીમાંથી મોટે રસ્તે થઈને ઘડીઆ તળાવ ઉપર થઈને ગામમાં પેઠો, ને ઘડીઆ ચોકી તરફ થઈ હોળીચકલે થઈને નાથા શેઠના ડેલા આગળ થઈને મોટા બજારમાં થઈને બજાર ચોકીતરફથી દવાખાનામાં ઉતર્યો હતો. વરઘોડો જોવાને

ઠેર ઠેર ગામનાં સ્ત્રી પુરૂષોની ઠઠ મળી હતી, અને તેમાંનાં કેટલાંએક મહારાણી સાહેબની છબીને નમન કરતાં જણાતાં હતાં. દરેક નાકે મી. જોસેફ બેન્જામીન મહારાણી સાહેબ ઘણું જીવો, શહેનશાહબાનુ ઘણું જીવો, કૈસરેહિંદ ઘણું જીવો, મલીકામાઅઝમા ઘણું જીવો, ઇશ્વર તું રાણીનું રક્ષણ કરજે, મહારાણી સાહેબનો જયથાઓ, કૈસરેહિંદનો જયથાઓ, મલીકા માઅઝમાનો જયથાઓ, રાજ્યમાતાનો જયથાઓ, તેમનું રાજ્ય અમર રહો, તેમના કુટુંબનો જય જયકાર વ્યાપી રહો, મહાપ્રતાપી મહારાણી ઘણું જીવો, મહા ભાગ્યશાળી રાણી ઘણું જીવો, મહા પુન્યશાળી રાણી ઘણું જીવો, મહા દયાળુ રાણી ઘણું જીવો, સકળગુણ સંપંન મહારાણી ઘણું જીવો, ઇશ્વર તું તેમના શત્રુઓનો નાશ કરજે, મહારાણી સાહેબનો જય થાઓ, મહારાણી સાહેબના રાજ્યથી રૈયતને ઘણું સુખ થયુંછે, કેળવણી બધે ફેલાઈ ગઇછે, દેશમાંથી ચોરનો ભય જતો રહ્યોછે, વિગેરે શબ્દો લલકારીને કહેતા હતા, ને આ બધા શબ્દો નિશાળના છોકરાઓ મોટા સાદે ફરી ફરી કહેતા હતા, તથા સાજનમાંની બધી મંડળીના લોકો પણ કહેતા હતા. વળી નિશાળના છોકરાઓ 'દેશમેં આનંદ ભયો જય જય વિકટોરીઆ' એવી રીતે કહેતા હતા. તે શિવાય આપણાં પ્રિય મહારાણી સાહેબને માટે ત્રણ આનંદના પોકાર બોલવામાં આવ્યા હતા. તથા યુવરાજ પ્રિન્સ આફવેલ્સને માટે, ડયુકઆફ એડીનબરોને માટે, ડયુકઆફ કાનાટને માટે, આપણા માજી પ્રિય વાઇસરાય લાર્ડરીપનને માટે, લાર્ડ ડફરીનને માટે, આપણા પ્રિય ગવરનર લાર્ડ રેને માટે, આપણા ભલા કલેકટર મી. રીડને માટે, માજી આસિ-

સ્ટંટ કલેક્ટર મી. મુક્રાનકીને માટે, હમણાના આસિસ્ટંટ કલેક્ટર મી. ગીબને માટે, તથા રાવસાહેબ મામલતદાર નવનીધરાયજીને માટે ત્રણ આનંદના પોકાર બોલવામાં આવ્યા હતા.

સભા.

વરઘોડો દવાખાનામાં ઉતર્યા પછી તરતજ બધા લોકો દવાખાનાના હાલમાં તથા કંપાઉન્ડમાં ભેગા થયા હતા. ત્યાર પછી છોકરાઓ અને છોડીઓને ઈનામ આપવા સારૂ અધ્યક્ષ સ્થાને બિરાજવા મેહેરબાન રાવસાહેબ નવનીધરાયજી માધવ રાયજીને મી. જોસેફ બેન્જામીને વિનંતિ કરી હતી, જેને આજમ મગનલાલ ગોવિંદરામ અવલકારકુન સાહેબે ટેકો આપ્યા પછી રાવસાહેબ નવનીધરાયજી અધ્યક્ષ સ્થાને બિરાજ્યા હતા. ત્યારબાદ આ અવસરને માટે પોતે ઘડેલી એક ખાસ પ્રાર્થના (જેમાં નાત નાતના હિંદુઓ, મુસલમાન, પારસી, તથા ઈસાએલ હાજર હતા) તે સમસ્ત મંડળીની પરવાનગીથી મી. જોસેફ બેન્જામીને વાંચી હતી, તે નીચે મુજબ.—

પ્રાર્થના.

હે દિનદયાળ, પરમ કૃપાળુ, પરમાત્મા! આજનો શુભ દિન તેં દેખાડયો જેથી અમારી સદા હેતસ્ત્રી, પુન્યવંતી, માયાળુ, મહારાણી વિકટોરીઆ કૈસરેહિંદને નેકીથી રાજ્ય કરતાં પચાસ વરસ થયાં તેનો ઓચ્છવ કરવાને આજરોજ અમે ભેગા થયા છીએ તે બદલ તારો નમૃતા પૂર્વક પાડ માનીએછીએ. આ મહારાણી સાહેબના રાજ્યથી અમને ઘણું સુખ થયુંછે. માટે તેમને અમારા ઉપર રાજ્ય કરવા તેં નીમ્યાં તે બદલ, તારો જેટલો ઉપકાર માનીએ તેટલો થોડો છે. હે દીનનાથ પ્રભુ! અમે જુદી જુદી નાતના લોકો પ્રિયરાણી સાહેબ પ્રત્યે પોતાની રા-

ન્ય ભક્તિ બતાવવા એકઠા થયાછીએ. આ બધો તારોજ પ્રતાપ છે. તારીજ કૃપાથી અમે આ પ્રસંગે પોતાની રાજ્યભક્તિ દર્શાવવા મળ્યા છીએ એટલુંજ નહીં, પણ એકમેક તરફ પોતાની પ્રીતિ તથા લાગણી વધવા તું મદદ કરીશ એવી તને કરદ્વય જોડી વિનંતિ કરવા ભેગા થયાછીએ.

હે સચ્ચીદાનંદ પ્રભુ! આવી નીતિવાળી, અખંડ પ્રૌઢ પ્રતાપી, પરદુઃખભંજન, સકળ ગુણ સંપન્ન, શેહેનશાહબાનુ અમારા ઉપર અમર રાજ્ય કરે, તેનું રાજ્ય અચળ રહે, તેનો વિસ્તાર વધે, ને તે સદા આનંદ ને સુખશાંતિમાં રહે, ને તેના શત્રુઓનો નાશ થાય, એવું અમે નમૃતા પૂર્વક માગીએછીએ.

હે કરૂણાનિધિ પરમેશ્વર! અમે બીજું હાથ જોડી માગીએછીએ કે, આ રાણીની બધી પ્રજાને સદા સુખ આનંદમાં રાખજે, ને તારા પ્રત્યે અમારો ખરો ભક્તિભાવ દર્શાવવા અમને શક્તિ આપજે કે જેથી કરીને તારા, અમારા ઉપર જે અખંડ અને અનંત ઉપકાર છે તેને માટે અમે તારી ભક્તિ કરવા શક્તિમાન થઇએ. તું અમને હમેશાં આવા શુભદિન દેખાડજે. ધન્ય છે આજના શુભ દિનને કે અમે બધા મળી તને પ્રણામ કરવા તથા તારી સ્તુતિ કરવા એકઠા થયાછીએ.

હે જગતના સ્વામી! અમારી આ ખરા પ્રેમથી કરેલી પ્રાર્થના સ્વીકારજે. આખા વિશ્વમાં સર્વનો રક્ષક, સર્વનો પાળનાર, સર્વનો આધાર તુંજ છે. તારો મહિમા અપાર છે, તારી દયાનો ભંડાર અખુટ છે, તારા ઉપકાર અનુપ છે. એવા અતિ દયાળુ સર્વ શક્તિમાન ભગવાનને અમારી આ પ્રાર્થના સાંભળવા દંડવૃત પ્રણામ કરી વંદન કરીએછીએ. ને મલીકા માઅઝમા વિક્ટોરીઆ માહારાણી સાહેબનો બધે જય જયકાર આપી

રહે ને બધે તેમની હકુમત વધે એવી હે દીનનાથ દયાસાગર કલ્યાણકારી પ્રભુ ! અમારી આ યાચના સાંભળજે. અમારી આ અરજ સ્વીકારજે ને મહારાણી સાહેબનું રક્ષણ કરજે ને તેમના મનને શાંતિમાં રાખજે. હે કરૂણાસિંધુ પ્રભુ ! રાજમાતા શહેનશાહબાનુ વિકટોરિઆ સાહેબ લોકહિતાર્થનાં ને પુન્યનાં કામોમાં જેવી રીતે હમણાં તત્પર રહેછે તેવીજ રીત હમેશાં તત્પર રહે ને તેથી કરીને આલોકમાં તથા પરલોકમાં અક્ષય સુખ ભોગવે, એવો, હે કરૂણાસિંધુ પ્રભુ ! તેમને આશિર્વાદ આપજે.

હે જગતના સ્વામી ! તું મહારાણી વિકટોરીઆ સાહેબને આશિર્વાદ આપજે ને તેમનો વૈભવ વધારજે, તેમના દહાડા સુખમાં ને તેમનાં વર્ષ આનંદમાં રાખજે, ને તેમના ઘડપણમાં તેમનું રક્ષણ કરજે. આંખની કીકી પેઠે તેમને સાચવજે, તેમના દુશ્મનોને તેમના પગ નીચે ચગદી નાંખજે ને તેમના રાજ્યમાં સુલેહ ને શાંતિ રહેવા દેજે. તેમનાં બધાં કામોને સફળ કરજે ને આશિર્વાદ આપજે.

હે સર્વ શક્તિમાન, સર્વજ્ઞ, દયાનિધિ પ્રભુ ! જેવી રીતે અમારા વાસ્તે મહારાણી સાહેબના મનમાં દયા ઉપજાવી તેવીજ રીતે અમારા ઉપર મેહેરબાની કરી તેમને આશિર્વાદ આપજે. ને તેમને, તેમના યુવરાજને, તથા તેમના મહાકુલીન કુટુંબમાંના બધા માણસોને આશિર્વાદ આપજે અને તેમની પ્રતિષ્ઠા તથા ખ્યાતિ વધારજે, ને તેમના બધા અમલદારોને અમારૂં હમેશાં સારૂં કરવા વાસ્તે બુદ્ધિ આપજે; અને અમે તેમનું સન્માન કરીએ, તેમના ઉપર પ્રીતિ કરીએ, તેમનું તથા તેમના રાજ્યનું કલ્યાણ ચાહીએ, અને તેમણે અમારા સારૂ જેજે

સારા કાયદા કર્યા છે તે પ્રમાણે ચાલીએ એવી અમને શક્તિ આપજે.

હે જગતનાં તારક પ્રભુ ! અમારી આ વિનંતિ દયા ખાતર માન્ય કરજે ને અમારી ઇચ્છા પુર્ણ કરજે. તથાસ્તુ.

પ્રાર્થના પુરી થયા પછી રાવસાહેબ નવનીધરાયજીએ કહ્યું કે, મી. જોસેફ બેન્જામીને આ અવસરને માટે જે સરસ પ્રાર્થના રચીછે તે માટે આપણે તેમનો આભાર માનવો જોઇએ, તથા જ્યુબિલીના સમારંભમાં તેમણે સારી મદદ કરીછે તે માટે હું તેમનો આભારીછું. તેમના ભાષણને રા. રા. બાપાલાલ લલુભાઇએ ટેકો આપ્યો હતો. ત્યારબાદ મી. જોસેફ બેન્જામીને રાવસાહેબ નવનીધરાયજીનો તથા બધી મંડળીનો આભાર માનીને કહ્યું કે, અધ્યક્ષ સાહેબ મને જે માન આપેછે તેને હું બિલકુલ પાત્ર નથી. આજ આ જ્યુબિલીનો સમારંભ આટલો બધો નીભાયોછે તે બધો અધ્યક્ષ સાહેબનો પ્રતાપ છે; તેમના શિવાય મારાથી કંઇજ થઈ શકત નહીં. તેમનીજ મેહેનતથી આ કામ સારૂ આટલા બધા રૂપિઆ ભરાયાછે. ત્યારબાદ કહ્યું કે અહીંઆંના રહીશ ભટ પિતાંબર ગોવિંદરામે તથા જોશી જયશંકર જેષ્ટારામે મહારાણી સાહેબને આશિર્વાદ આપવા સારૂ જે સંસ્કૃતમાં શ્લોક ઘડ્યા છે તે તેઓ વાંચી સંભળાવશે. તે પછી ભટ પિતાંબર ગોવિંદરામે નીચે મુજબ ભાષણ કરી મહારાણી સાહેબને આશિર્વાદ આપ્યો હતો—

પુષ્પપત્ર પ્રમાણે હું એક બે વિનય વચનરૂપ ભેટ આ સુશોભિત સભાની વચ્ચે મૂકવા ઇચ્છુંછું, તે સભાસ્થિત સદ્ગૃહસ્થો ધ્યાનમાં લેશો તથા તેનો વિચાર કરી મનથી આનંદ પામશો.

જુઓ કે પ્રથમ આપણા તમામ હિંદુસ્તાનની રૈયતનો દુઃખરૂપી અંધકાર ઘણો હતો તે વૃદ્ધોને અનુભવસિદ્ધ છે. તે અંધકાર આ નેક રાજ્યમાં ન્યાયરૂપ સૂર્યોદયથી નાશ પામ્યો છે, તથા તેનાથી અગણિત સુખના લાભ થયા છે. તેમજ ઇંગ્રેજ સરકાર પણ હિંદુઓના નીતિશાસ્ત્રમાં કહ્યા પ્રમાણે—

एतदार्थ कुलिनानां नृपाकुर्वंति संग्रहं ॥
आदिमध्यावसनेषु नते यास्यति विक्रियं॥१॥

સારા કુળવાન અને સારા આચરણવાળાને અધિકાર આપવો કે રાજ્ય કારભારના કામમાં કાંઈ પણ વિપર્ય થાય નહીં તથા રૈયતને સુખ થાય. તેવાજ આ સભાના શિરોમણિરૂપ તથા મુખ્યત્વે શોભતા પરોપકારી, સદ્‌ગુણના ભંડાર તથા વિવેકના નિધિરૂપ મેહેરબાન મામલતદાર સાહેબ નવનિધરાયજી અત્રે પધાર્યા છે તેથી આ ગામના મોટા ભાગ્યનાં હું શાં વર્ણન કરૂં! જેમણે આ ગામમાં આવી અવિવેકી તથા મૂઢ અને આળસુ વિગેરે માણસોને સુધારવા સારૂ આ ગામમાં પોતાની જાતે ઘણીજ તરદી લેઈ લાયબ્રેરી સ્થાપન કરી એ કેવો મોટો ઉપકાર છે. તેમજ તેમને જોઈતી મદદ મેળવવા સારૂ પરમેશ્વરે સદાશયી અને સાણંદના શુભેચ્છક તથા પરોપકારી રાજેશ્રી મગનલાલભાઈને પણ અત્રે મોકલ્યા. તેમજ જ્યારે સમુદ્રમાંથી ચૌદ રત્ન નીકળ્યાં ત્યારે રત્નરૂપ ધન્વંતરી મહાવૈદ્ય મૃતસંજીવની વિદ્યાવાળા અમૃતના કળશ સહવર્તમાન લોકોના રોગોનો નાશ કરવા માટે પરમેશ્વરે મોકલ્યા હતા, તેમ પરમેશ્વરે પણ આ ગામના મોટા ભાગ્યને લીધે આ દુનિઆરૂપ સમુદ્રમાંથી ઉત્પન્ન થયેલા વૈદ્યશાસ્ત્રના નીપૂણ અને મોટા મોટા રોગોનો નાશ કરનારને ગામનું ભલું ઇચ્છનાર

આ મેહેરબાન દાકતર સાહેબ મી. જોસેફજી રબરૂપ આ ગામને સારૂ મોકલ્યા છે.

મેહેરબાન મામલતદાર સાહેબ, તથા મગનલાલભાઈ, તથા દાકતર સાહેબ, તથા ફોજદાર સાહેબ મહમદમિંઆં, તથા સબરજીસ્ટ્રાર સાહેબ બાપાલાલ લલુભાઈ, તથા પોસ્ટ માસ્તર તાપીશંકર, તેમજ હાલમાં પધારેલા હેડમાસ્તર મનસુખરામભાઈ વિગેરે સજ્જનોના પધારવાથી ઘણો આનંદ થયો છે. સજ્જનોનાં પગલાં કલ્પવૃક્ષ જેવાં છે એવું સજ્જન પ્રશંસામાં કહ્યુંછે.—

सर्वाभिष्टप्रदोनित्यं, सन्मार्गेणैवगच्छतां ॥
विचित्रमेतद्विद्वांस्तु जंगमःकल्पपादयः ॥
ज्ञातासंगविनाकोपि, लभेतिंकवांच्छितंफलं ॥
नहिसंतापशांतिस्यात् पूर्णचंद्रोदयंविना ॥

અર્થ. સૂર્યના તાપની શાંતિ પૂર્ણ ચંદ્રોદયથી નિવૃતિ પામે છે તેમજ સર્વ ઉપદ્રવ આ સજ્જનોના પધારવાથી નિવૃત્તિ પામ્યાછે.

સર્વ રૈયતે રાજ્યભકિત કરવી જોઇએ. તેથી અહોહો ! આજે મોટો આનંદનો દિવસ છે કે મહારાણીજીની જ્યુબિલીનો દિવસ છે તેથી સાણંદના સર્વ સદ્‌ગૃહસ્થોએ તથા યથેષ્ટાચરણી મેમ્બરોએ તથા આ સભાના શિરોમણિએ ગામ શું શોભાવ્યું છે! રસ્તા ઉપર કાંઈ પણ તરખલાં વિગેરે તો નજરે આવેજ શાનાં! તથા ચાલતાં ઉર્દ્ધ દૃષ્ટિ કરવાથી કંટક કે ઠેસની બીક તો રાખવી પડેજ શાની! તેમજ તમામ રાજ્ય માર્ગો ઉપર રાત્રે દિવા પ્રગટાશે તેથી ગામની શોભા કેવી આવશે! હું એમ જાણુંછું કે સ્વર્ગતો સાણંદમાં આવ્યુંછે કે શું !!

महाराणीने आशिर्वाद.

माघकृष्णानवम्यांच सौम्यवारेतथैवच ॥
जेष्टाहर्षणयोगेच महोत्सवगृहेगृहे ॥

अहोहो—

उच्छ्रियंतापताकाश्च नानावर्णासमंततः॥
सिक्तमार्गाहृष्टजनां कौतकाबद्धतोरणा ॥१॥

तोरणानिविचित्राणि निलपल्लवयानिवै ॥
सानंदैरुषसंगम्य विज्वरैर्मुदितात्माभिः ॥२॥
उपगियमानविजयः कन्याशिष्यादिकैस्तथा ॥
महादुंदुभयोर्नेदु भेरीतुर्याण्यनेकशः ॥ ३ ॥
विणावेणुमृदंगानि पुरंप्रविशातिसभा ॥
तदामहोत्सवोनृणां सानंदेतुगृहेगृहे ॥ ४ ॥
अहोपुण्यमहोपुण्यंफलितंफलितंद्दढं ॥
अस्यपुण्यस्यसंपत्तिः पृथिव्यांनहिविद्यते ॥५॥

आर्या. गि.

धन्यो यं धन्यो यं धन्यो धन्यः पुनः पुनर्धन्यः ॥
धन्योधन्यो धन्यः विक्टोरिया सुयशे सदा वसतु॥५

માહા વદિ ૯ અને બુધવાર તથા જેષ્ટા નક્ષત્ર અને હ-ર્ષણ યોગમાં આ મહારાણીજીની જ્યુબિલીનો મોટો ઉત્સવ ઘેરેઘેર થયોછે. બજારમાં વિચિત્ર પ્રકારની ધજાઓ ઉડીરહી

છે તેમજ રાજ્ય માર્ગો પણ પાણીથી છંટાએલા છે. અને ઘણા ઉત્સાહ વડે તોરણો બાંધેલાં છે, તે તોરણો પણ ચિત્ર વિચિત્ર પ્રકારનાં તથા લિલાં પલ્લવનાં બાંધેલાં છે. અને મહારાણી વિક્ટોરીઆનો ગરબો યશ શાળાની કન્યાઓ તથા વિદ્યાર્થિઓ ગાય છે, અને મોટાં મોટાં દુંદુભી વાજાં વાગે છે. ભેરી, નગારાં અને અનેક વિણા વેણું વિગરેની સાથે મૃદંગ પણ ગાજે છે. તેવા સમયમાં જ્યારે આ સભા નગરમાં પ્રવેશ કરેછે તથા વિચરે છે ત્યારે આ સાણંદના માણસોને ઘેરઘેર મહોત્સવ હોય તેવું લાગેછે. આવી રીતની શોભા જોઇને તથા સભાની કીર્તી સાંભળીને દૂરદેશાદિક જાતિવાળા માણસો પણ શાંતિએ સહવર્તમાન વાળા મોટા આનંદને પામેછે—અહોહો, આ મહારાણી વિક્ટોરીઆનું મોટું પુણ્ય નિશ્ચયેજ ફળ્યું. આ મહારાણીના મોટા પુણ્યની સંપત્તિ આ પૃથ્વીમાં તો બીજા કોઇની નથી જણાતી.

આ ધન્ય, આ ધન્ય, ધન્ય, ધન્ય, ફરી ફરીને મહારાણીને ધન્ય છે. મારી આવી આશિશ છે કે, ધન્ય, ધન્ય, ધન્ય, આ વિક્ટોરીઆ સારા યશમાં સદાકાળ વસો.

ત્યારબાદ જોશી જયશંકર જેષ્ટારામે નીચે મુજબ મહારાણી સાહેબને આશિર્વાદ આપ્યો હતો.—

श्रीहर्षयुक्तारव्यपूरालयेन आदौजयप्रांतशिवाद्वयेन॥

माघस्यकृष्णोनवमी बूधेचविक्टोरियायाःसुयशेजयंतु.

અર્થ—શ્રી નામ શોભાયમાન એવું હર્ષવડે કરીને યુક્ત છે નામ બે જેનું, એવું સાનંદ તેમાં મારૂ આલય જે મકાન છે, અને નામમાં આદિ જય અને અંતે છે શંકર એટલે જયશંકર તે હું માઘમાસ વદ પક્ષ અને ૯ ને બુધવારે મહા-

રાણીની જ્યુબિલીના દિવસે આશિર્વાદ આપુંછું કે, મહારાણી વિક્ટોરીઆનો સારા પક્ષમાં જય થાઓ.

कःखेभातिहतोनिशाचरपतिकेनांबुजौमार्ज्जतौ
कःकेंद्रकृतरुणीविलासगमनं किंकुर्वतेसज्जनाः ॥
पत्रंकिंनृपतेकिमर्जुनधनुः कोरामरामापरत्
पद्यण्णोत्तरमध्यमाक्षरवदंभूयात्तवाशिर्वचः ॥

આ શ્લોકનો ભાવાર્થ એટલોજ કે પદના મધ્યના અક્ષરથી થયેલો જે હેમેનાથ ચિરંજિવ—હે મારા સ્વામીરૂપ રાજાને ઠેકાણે બીરાજનાર વિક્ટોરીઆ મહારાણી તું ચીરંજીવી હો.

આ બન્ને ગૃહસ્થોને દક્ષણા આપવામાં આવી હતી.

આશિર્વાદ આપી રહ્યા પછી આ બન્ને ગૃહસ્થોના મી. જોસેફ બેન્જામીને આભાર માન્યો હતો. ત્યારબાદ અહીંઆંના તાલુકા સ્કુલ માસ્તર રા. રા. મનસુખરામ પ્રેમજીએ આ અવસરને માટે રચેલો સુંદર કવિતાઓ છોકરાઓએ તથા છોકરીઓએ ગાઈ હતી, તે નીચે મુજબ—

માલિની છંદ

પરમેશ્વરની સ્તુતિ.

અજર અમર દેવા દેવના દેવ દાતા,
પગરણ પદવંદી માગુછું સુખ સાતા;
સકળ જગતવેત્તા પ્રાણીના પાળનારા,
અહુંછુ તુજ કરૂણા દુઃખના ટાળનારા.

સવૈયા છંદ.

પ્રથમ પ્રભુને પાએ વંદી, કવિતા કરવા ધરૂ ઉલાસ;
સાષ્ટાંગે પરણામ કરૂંછું, અલ્પમતી કવિજનનો દાસ.

મહારાણી સાહેબને વિત્યાં, અમલ કરંતાં વરસ પચાસ;
તે પ્રભુ તુજ કરૂણાનું કારણ, એવી રીતે પૂરો આશ. ૧
અમલ જામજો દેશ ઘણામાં, ધન્ય તણો ભરજ્યો ભંડાર;
ભવિષ્યકાળનો અમલ રાણિને, દેજો સૌને સુખ કરનાર.
ભૂતકાળના અમલ થકી, જનને સુખદાયક અમલ હજો;
મનમાં બળતા કરજો ચળતા, મહારાણીનાં વિઘ્ન જજો. ૨
સુખમાં વરસ પચાસ વિતાવ્યાં, એવાં વર્ષ અનેક જજો;
ફલ વધે પરિવાર તણી, વળિ ભાર વધે જગ ખ્યાતિ હજો.
મહારાણીનો જય બહુ થાજો, જુગમાં પામો મોટું માન;
અમર રહેજો સર્વ કાળમાં, એવું ઇચ્છે હિંદુસ્તાન. ૩
ઇસ્વી વર્ષ અઢાર શતકપર, શુભ સતાશી કેરી સાલ;
બોગી ભમરાને મદદાતા, ફેબ્રુઆરી માસ રસાળ.
તારિખ સોળ કલોલ કરાવશુ, જ્યુબિલીનો પહેલો દિન;
મનસુખ પામ્યા સાણંદના જન, આ ઉત્સવની વાત નવિન. ૪
મહારાણી સાહેબનો ઉપકાર માની જય જયકાર બોલવા વિષે.

"સવૈયા છંદ."

અગ્નિ ગાડી ન્હોતિ અગાડી, તે સુખ અમને આણી દીધ;
તાર તણિ તેવડ થઈ રૂડી, તેથી નિજકીર્તી પરસીદ્ધ,
એક બીજા દેશોની સાથે, ચાલેછે નિર્મળ વ્યવ્હાર;
કરૂણાળુ કૈસરેહિંદનો, ઘટે બોલવો જય જયકાર. ૧
કેળવણીનો કડકો ન્હોતો, તેનો કીધો બહુ વિસ્તાર,
ઔષધશાળા ન્હોતિ અગાડી, એ સુખ અમને અપરંપાર;
દુષ્ટ જનોનો ધીરે ધીરે, આણી કીધોછે સંહાર,
કરૂણાળુ કૈસરેહિંદનો, ઘટે બોલવો જય જયકાર. ૨
રસ્તે જાતાં ડર બહુ થાતો, મારગ નડતા ટેકર ખાડ,

તે દુઃખતો દીધું છે ટાળી, રસ્તે રસ્તે રોપ્યાં ઝાડ;
રૈયતમાં પણ એક બીજાપર, કોઈ થકી નવ થાએ ખાર,
કરુણાળુ કૈસરેહિંદનો, ઘટે બોલવો જય જયકાર. ૩
છાપ કળાની ન્હોતી સમજણ, ગ્રંથ લખતાં પડતું દુઃખ,
તે દુઃખ પણ દીધું છે ટાળી, ગ્રંથ વધારણ કીધું સુખ;
મોટી મોટી નદીએ બાંધી, સાગર વચ્ચે નાંખ્યો તાર,
કરુણાળુ કૈસરેહિંદનો, ઘટે બોલવો જય જયકાર. ૪
ખેડૂતોને મેઘ તરફની, રે'તી મનમાં મોટી ફાળ,
દૈવેચ્છાથી વાય વાયરો, તો મન જાણે પડશે કાળ;
તે લોકોને માટે કીધો, નદીઓ-ન્હેર તણો આધાર,
કરુણાળુ કૈસરેહિંદનો, ઘટે બોલવો જય જયકાર. ૫
તરે' તરે'ના યંત્ર સંકંચા, સૂણ્યા ન્હોતા કદિએ કાન,
તે અત્રે આવીને પડીઆ, અમપર તે મોટું એહસાન;
તેવાં યંત્રો તણા પ્રતાપે, ચાલેછે રૂડો વેપાર,
કરુણાળુ કૈસરેહિંદનો, ઘટે બોલવો જય જયકાર. ૬
પરદેશી બીજા રાજાએ, જોર જુલમથી કરતા ભ્રષ્ટ,
મ્હારાણીની મ્હેર થવાથી, ટળી ગયુંછે તેવું કષ્ટ;
દેશી જનને માટે હોદ્દે, નીમ્યા લાયક દેઈ પગાર,
કરુણાળુ કૈસરેહિંદનો, ઘટે બોલવો જય જયકાર. ૭
સ્વતંત્રતાની છૂટ નહોતી, ન્હોતી ધર્મશળાએ બાગ,
હમણા મ્હારાણી પરતાપે, રૈયત તેમાં લેછે ભાગ;
હથિઆરો કે વોળાવાની, રસ્તે રહી નથી દરકાર,
કરુણાળુ કૈસરેહિંદનો, ઘટે બોલવો જય જયકાર. ૮
નદિઓ નાળાંને સુધાર્યાં, વળી વધાર્યાં કુવા તળાવ,
સ્હેજત મંદિર રક્ષણ કીધું, મારેગ જળની કીધી વાવ;

મનુષ્ય જાતને દુઃખ દેનારાં, વાઘ વરૂને કીધાં ઠાર,
કરૂણાળુ કૈસરેહિંદનો, ઘટે બોલવો જય જયકાર. ૯
સ્ત્રિ જાતિને નોકરીઓમાં, રાખી મ્હારાણી સરકાર,
રાય રંકનો ન્યાય એક છે, તેથી છે મોટો ઉપકાર;
મ્હારાણીજી મહા પ્રતાપી, બારે ગુણ તણો ભંડાર,
કરૂણાળુ કૈસરેહિંદનો, મનસુખ માનેછે ઉપકાર. ૧૦

ત્યારબાદ સાણંદ તાલુકાના વિસલપુર ગામના રહેવાસી શા. મોતીલાલ મનસુખરામ ગુજરાતી શબ્દાર્થકોશનાકર્તાએ રચેલી કવિતા છોકરાઓએ ગાઈ હતી તે નીચે મુજબ.

ભુજંગી છંદ.

જ્યુબીલી તણો દીપતો દિન આજે,
વિવાથી વડો વાર છે એમ છાજે;
અદ્ધીકોડિ વર્ષો કર્યું રાજ પ્રીતે,
મહા ભાગ્યશાળી મહારાણિજી તે. ૧
નહીં આજ સૂધી નડ્યું વિઘ્ન કાંઈ,
રહે શત્રુ દૂરે ઘણૂં મ્હેર જ્યાંહીં;
શશી દ્વીતિયાની કળા જેમ નિત્યે,
મહા ભાગ્યશાળી મહારાણિજી તે. ૨
બહૂ લોક સૂખી સહૂ રાજ્ય માંહી,
નહીં કામં માંહી કદી ચૂક કાંઈ;
સદા ઇનસાફો કરે એક રીતે,
મહા ભાગ્યશાળી મહારાણિજી તે. ૩
ભણાવી ગણાવી કિધા ભાગ્યશાળી,
બનાવી દવાશાળ શાળા રૂપાળી;
ગણી ના શકો ઉપકારો ગણી તે,

મહા ભાગ્યશાળી મહારાણિજી તે. ૪

જુઓ તાર સંચા અને આગ ગાડી,
બનાવ્યાં કહો કોણ રાજે અગાડી;
નહીં નામ ભૂલો ઘણો કાળ વીતે,
મહા ભાગ્યશાળી મહારાણિજી તે. ૫

રહ્યા નોકરો વીજળી વન્હિ વાયુ,
બન્યું એટલું હીંદનું શૂભ ગાયું;
ઘણું સુખ આપ્યું પિતા માતથી તે,
મહા ભાગ્યશાળી મહારાણિજી તે. ૬

રૂડો દિન છે સોળમી ફેબ્રુઆરી,
જુઓ સાલ સત્યાસિને બૂધવારી;
ઘણા ગૂણ ગાશે રચી આજ ગીતે,
મહા ભાગ્યશાળી મહારાણીજી તે. ૭

રહો ખૂશિ ખૂશી ખુસી દિન આ તો,
કરો મ્હોચ્છવો દિન દીસે વિત્યાતો;
ઘણું દ્રવ્ય ખર્ચ્યા જુબીલી નિમીતે,
મહા ભાગ્યશાળી મહારાણીજી તે. ૮

ઘણું દ્રવ્ય આપી સુખી ઈશ રાખો,
તપે રાજ્ય ઝાઝું સહૂ એમ ભાખો;
સદા જુદ્ધ માંહી ચહો એજ જીતે,
મહા ભાગ્યશાળી મહારાણિજી તે. ૯

રચ્યા છંદ રૂડા દસે ગૂણ ગોતી,
કહે સૂત મનસૂખનો દાસ મોતી;
ભરાયો મને આજ આનંદ ચિત્તે,
મહા ભાગ્યશાળી મહારાણિજી તે. ૧૦

ત્યારબાદ રા. રા. મનસુખરામ પ્રેમજીએ રચેલી ગરબી-
ઓ છોડીઓએ ગાઈ હતી તે નીચે મુજબ—

પરચુરણ કવિતા.

ગરબી રાગ સિતાજીની તીથીઓનો.

રાણીજીની આજ થઈછે જ્યુબીલીરે,
સખી અતી આનંદની હેલી; રાણીજીની આજ થઈછે૦ ૧
સખી ઘર ઘર ઓચ્છવ થાય રે, માનુનીઓ મંગળ ગાયરે;
સુણી રીઝેછે નવનીધરાય, રાણીજીની આજ થઈછે૦ ૨
સખી આજનો રૂડો દહાડો રે, બહુ હર્ષ વધ્યોછે ઘાડોરે;
શણગાર્યોછે સરકારવાડો, રાણીજીની આજ થઈછે૦ ૩
આજ સોનાનો સૂરજ ઉગ્યોરે, રાજ ભક્તોનો લહાવો પુગ્યોરે;
બારે તોપોનો નાદ ધડૂક્યો, રાણીજીની આજ થઈછે૦ ૪
રૂડો વસંત રહ્યોછે ખીલીરે, તાળી લેછે સખી અલબેલીરે;
ગાઈ મનસુખ ગરબી રચેલી, રાણીજીની આજ થઈછે૦ ૫

ગરબી ૨ જી.

'અલબેલીરે અંબેમાત જોવાને જઈએ' એ રાગ.
રૂડી જ્યુબીલી થઈ આજ, આનંદ કરવાને,
મહા રાણીજીનું રાજ્ય સંકટ હરવાને;
પચાસ વરસે આવી જ્યુબીલી આનંદ ઓચ્છવ થાયરે,
પોળ ગલી ને શેરીઓમાં, માનુની મંગળ ગાય. આનંદ૦ ૧
શેરી રસ્તા સાફ કરાવ્યા દૂકાનો ખોળાયરે,
હાટે હાટે ધજા ચડાવી, હૈયે હરખન માય; આનંદ૦ ૨
આતશબાજી આણી રૂડી, કરશે ઝાક ઝમાળરે,
સંધ્યાકાળે શોભી રહેશે, દીવાની દીપમાળ; આનંદ૦ ૩
લીલા ભાળી તેજ લખૂંતો કવિતા બને વિશાળરે,

મનસુખે બાળાને કાજે, ટુંકી રચી રસાળ;   આનંદ૦ ૪

ગરબી ૩ જી.

રાગ બીહાગ ચાલ દીપચંદી.

આજ આનંદની હેલી, રાણીજીની થઇછે જ્યુબીલી.
કીધા અન્ય વિચારો મેલી;   રાણીજીની થઇછે૦ ૧
ઘર ઘર આનંદ ઓચ્છવ થાએ,
હળી મળી ગાય સાહેલી;   રાણીજીની થઇછે૦ ૨
તરીઆ તોરણ બાંધ્યાં દ્વારે,
કુમ કુમ અવની લીંપેલી;   રાણીજીની થઇછે૦ ૩
વિધ વિધ ભાતે વાજીંત્ર વાગે,
દીપક રચના રચેલી;   રાણીજીની થઇછે૦ ૪
આતસબાજી થાશે એકાંતે,
આનંદ ધૂમ મચેલી;   રાણીજીની થઇછે૦ ૫
સુંદિર શોભા દીઠી રૂપાળી,
મનસુખ ગરબી રચેલી;   રાણીજીની થઇછે૦ ૬

રાગ હોળી.

જ્યુબીલી જશ વાળી,
સાણંદમાં બલી બજી છે;   જ્યુબીલી જશવાળી.
વસંતમાં વસંત વર્ષ્યોછે બીજો, શોભા બનીછે રૂપાળી,
સજ્જનને સુખદાયક અવસર,રાજી થૈયા બાળી ભાળી,
જાણે આવી બીજી દીવાળી   જ્યુબીલી જશવાળી. ૧
આસોપાલવ ડાળ મંગાવી, તોરણ બાંધ્યાં હેતાળી,
દીપક સ્થાનો શુદ્ધ કીધાંછે, મંદીર દીધાં ધોળાવી,
માલણ ફૂલ લાવે રસાળી,   જ્યુબીલી જશવાળી. ૨
આજનો દહાડો અતી રઢીઆળો, શેક રખાવ્યોછે ખાળી,

આણંદ શેર ઘણી અજવાળ્યે, પાત્ર દિધાં અજવાળી,
રંગી દીધાં ગોખને જાળી, જ્યુબીલી જશવાળી. ૩
શણગાર સોળ સજ્યાછે સુંદીર, નેત્ર કાજળ નકવાળી;
મહારાણીનું મ્હાતમ સાંભળવા, કર્ણ દિધાછે ઢાળી,
હળી મળી લેછે તાળી, જ્યુબીલી જશવાળી. ૪
દીવાળીસમ પર્વ જાણીને, સુકવેછે સેવ સુંવાળી;
તરેહ તરેહનાં જમણ કરેછે, પૂરી કરેછે રૂપાળી,
મશાલો ન્યાળી ન્યાળી, જ્યુબીલી જશવાળી. ૫
આણંદવાસી સદ્‌ગ્રહસ્થોએ, પોતાની ઉલટ ઉછાળી;
હોલ-જ્યુબીલી ને લાયબ્રેરી કરશે, મનસુખ લેશે સંભાળી,
થશેજો તે સારી છટાળી, જ્યુબીલી જશવાળી. ૬

પછી છોડીઓએ રા. રા. પુરૂષોતમદાસ હરીશંકર મેહેતાજીએ રચેલી કવિતા ગાઈ હતી તે નીચે મુજબ.

ધોળ.

સુણી રૈયત રાજી થઈ, આજ જાણી જ્યુબીલી,
રાણી સાહેબના રાજ્યની, હદ બેહદ ખીલી;
માસ બીજે દીન સોળમે, સન સત્યાશી સાંજે.
સુર શરમાઈ દીવા થકી, અસ્ત પામ્યોછે આજે. ૧
આતસબાજી ઉડે અતી, થતે મોટે અવાજે,
ચંદ્ર અને તારા ખરે, રમે આવતે બાજે;
એમ અરિદળ નાસતું, ડર દિલમાંહી દેખી,
રાજા પ્રજા સહુ આજની, પુરૂષોત્તમ પેખી. ૨

ઈનામ વહેંચવાની ક્રિયા.

ત્યારબાદ અધ્યક્ષ સાહેબ રાવસાહેબ નવનીધરાયજીએ નિશાળની તમામ છોડીઓ કે જેઓની સંખ્યા સો હતી તે-

ઓને સાડીઓ, સાળુઓ, મોળીયાં, ઓરણાં, ખંડ તથા ચો-પડીઓનાં ઇનામ વહેંચ્યાં હતાં, તથા દરેકને મિઠાઈનું પડિકું આપ્યું હતું. ત્યારબાદ ૩૦૦ છોકરાઓને ચોપડીઓનાં ઇનામ આપ્યાં હતાં, અને એ શિવાય છઠ્ઠા ધોરણમાં જે બે છોકરાઓ પાસ થયા હતા તેમને ફેંટાઓ બંધાવ્યા હતા, તથા દરેક છોકરાને મિઠાઈનું પડિકું આપવામાં આવ્યું હતું. પરગામના જે લોકો ભેગા થયા હતા તેમાંના કેટલાકને ચવાણું તથા મિ-ઠાઈ આપવામાં આવ્યાં હતાં. તે દહાડે પછી અસુર થવાથી તથા રોશનીનો વખત થવાથી થોડાક છોકરાઓને ઇનામ વહેં-ચવાનું બીજા દિવસ ઉપર મુલતવી રાખી સભા વિસર્જન થઈ હતી.

રોશની.

પહેલાંથીજ જ્યુબિલી ફંડના ખર્ચે ગામમાં ગામની વ-ચમાં મોટા બજારમાં, લાલબજારમાં, હોળીચકલામાં, તથા ખાનગી ગૂજરાતી નિશાળ આગળના ચોકમાં, દરેક ઠેકાણે વાંસ રોપવામાં આવ્યા હતા ને તેમના ઉપર આડા વાંસ બાં-ધવામાં આવ્યા હતા. તથા મામલતદાર સાહેબની કચેરીમાં તથા તેની આગળ તથા મુસાફરી બંગલામાં તથા સ્વારોના થાણામાં તથા ડીસ્પેનસરીમાં તથા નિશાળ આગળ તથા મ્યુનિસિપલ ઓફીસમાં તથા ધર્મશાળામાં તથા હજારીમાતા આગળ તથા સિદ્ધનાથ માહાદેવ આગળ વાંસ રોપવામાં આવ્યા હતા. અને બધે ઠેકાણે હજારો કોડિઆં મૂકી રોશની કરવામાં આવી હતી. તથા લોકોએ પણ ઘેરેઘેર પોતાનાં ઘર ધોળાવી દીપોત્સવ કર્યો હતો, તથા પોતાના ઘર આગળ તો-રણો તથા ધજાઓ બાંધી હતી. ગામના બધા અમલદારોએ

પણ પોતાને ઘેર રોશની કરી હતી, તેમાં રાવસાહેબ નવનીધ-રાયજીએ પોતાને ઘેર ભાતભાતની કમાનો મૂકીને તથા કેળના થંભ રોપાવીને મંડપ કરીને હાંડીઓ તથા ઝમરૂખ લટકાવીને રોશનીનો ઠાઠ બહુજ સારો કર્યો હતો. સભા વિસર્જન થયા પછી રોશની જોવા સારૂ રાવસાહેબ નવનીધરાયજી, આજમ મગનલાલ ગોવિંદરામ, આજમ બાપાલાલ લલુભાઈ, રા. રા. જેસીંગ જેમલ મ્યુનિસિપલ સેક્રેટરી, આજમ નાગજીભાઈ વ-ખતચંદ મ્યુનિસિપલ કમિશનર, રા. રા. નારણભાઈ ડોસાભાઈ તેહેસીલદાર, તથા મી. જોસેફ બેન્જામીન વિગેરે નીકળ્યા તે જોતા જોતા રા. રા. છોટાલાલ હરીલાલ મામલતદાર સાહે-બની કચેરીના કારકુનના ઘરે આગળ ભેગા થયા, તે વખત રા. રા. છોટાલાલે તે બધાઓને પોતાને ઘેર તેડી જઈ મિ-ઠાઈ તથા પાન સોપારી આપ્યાં હતાં. ગામમાં રોશની જોવા સારૂ આ ગામના તથા આસપાસના ગામડાઓનાં સ્ત્રી પુરૂ-ષોની તથા આબાલવૃદ્ધોની એટલી ઠઠ મળી હતી કે રસ્તામાં માણસોને જવાનો માર્ગ મળતો નહોતો. દવાખાનાના દરવાજા આગળ Long live Empress Victoria શેહેનશાહબાનુ વિક્ટોરીઆ ઘણું જીવો એવા શબ્દ થાય એવી રીતે સળગેલાં કોડીઆં ગોઠવ્યાં હતાં. જોવા આવનારા માણસો એવી રીતે કહેતા કે આવી રોશની ને આવો ઠાઠ અમે કોઈ દહાડો જોયો નથી.

આતશબાજી.

રાત્રે આઠ વાગ્યા પછી ગરાસિઆવાડના મેદાનમાં આ-તશબાજી ફોડવામાં આવી હતી, તે જોવા સારૂ હજારો મા-ણસો ભેગા થયા હતા. ભાત ભાતનાં બપોરીઆં જેવાંકે લીલાં, ગુલાબી, ને ધોળા રંગનાં ઉડાવવામાં આવ્યાં હતાં. તથા

ભાત ભાતની હોડીઓ હોડવામાં આવી હતી તથા હવાઇઓ ને ભાત ભાતનાં બાણ આકાશમાં ઉડાવવામાં આવ્યાં હતાં. જુદી જુદી ભાતનાં ફૂલનાં ઝાડ જેમાંથી તારા જેવાં ફૂલ ખરતાં જણાતાં હતાં તે ઉડાવવામાં આવ્યાં હતાં.

આ પ્રમાણે તા. ૧૬ મી ફેબરવારી સને ૧૮૮૭ના રોજ આનંદ હર્ષ અને ખુશાલી વચ્ચે પસાર થયા પછી લોકો પોત પોતાને ઘેર ગયા હતા.

બ્રહસ્પતવાર તા. ૧૭ મી ફેબરવારી સને ૧૮૮૭

સભા.

પેહેલે દહાડે જે છોકરાઓને ઇનામ આપવાનું બાકી રહ્યું હતું તેઓને ઇનામ વહેંચવા સારૂ બપોરના એકવાગે દવાખાનામાં ફરી સભા ભેગી થઈ હતી. ઇનામ આપવા પહેલાં છોકરાઓએ રા. રા. મનસુખરામ પ્રેમજીએ રચેલી બીજી કવિતાઓ ગાઈ હતી, તે નીચે મુજબ.

છપ્પા

ઓપિત અમદાવાદ, જીલ્લો જાણીતો જગમાં;
તેના હાકેમ હાલ, કલેકટર સમય સુલગમાં.
રે'મી સાહેબ રીડ, બહાદુર જગ જાણીતા;
દીન જનો પ્રતિપાળ, દયા મનમાં આણીતા.
તે સાહેબે સરકારથી, મે'ર કરી ધન આપિયું;
તેથી ઉત્સવ અહીં થયો, ગરીબ તણું દુઃખ કાપીયું. ૧
ગુણનિધિ સાહેબ ગીબ, અવસરે અતી રસીલા;
આપી ખુબ સમજૂત, થવા જ્યૂબીલી લીલા.
મેકોનોકી પ્રથમ, હતા જેને ઠેકાણે;
પ્રગટયુ પુસ્તકાલય, તે તો લોકો સહુ જાણે.

તે સાહેબે સમજુત શુભ, દીધી નવનીધરાયને;
તે ઉપરથી ઉત્સવ તણા, આરંભ્યા ઉપાયને. ૨
સુણી જ્યુબીલી વાત, સજ્જનો કીધા ભેળા;
તેમાં લાયક ગૃહસ્થ, સભાસ મેમ્બર નીમેલા.
પ્રમૂખ નવનિધરાય, જેહ છે ઘણા ઉમંગી;
તેવણ મત અનુસાર, જોસફજી દાકતર સંગી.
બાપાલાલ મહમદમીયા, જેઠાભાઇ ને નાગજી,
ગફુરભાઈ મહાશંકરે, સારો સાધ્યો લાગજી. ૩
મગનલાલની મદદ, મળી તે સારી લીધી;
આણી મન ઉલ્હાદ, દાકતરે મેનત કીધી.
બોલાવ્યા રૂષિરાજ, તેમણે આશીશ દીધી;
રૂડી રીતે આજ, જ્યુબીલી ક્રિયા કીધી.
વળી પટેલ ને વાણીયા, તેડ્યા ગામો ગામના;
કીધા જ્યુબીલી તણી, રહેશે રૂડી નામના. ૪
માગણ માગ્યાં દાન, ભુખ્યાને અનજ આપ્યું;
ગરીબ ઉઘાડી દેહ, તેહનું કષ્ટજ કાપ્યું.
શીશુ શાળા તણાં, તેમને મીઠે આપી;
ભીખારી જન જેહ, તેમની ભૂખો કાપી.
વળી આજે સઘળું જે બન્યું, તે જ્યુબીલી કારણે;
કેસરેહિંદના નામપર, મનસુખ જાએ વારણે. ૫

સોરઠા છંદ.

પ્રભુ કૃપાથી આજ, અવસર રૂડો આવીયો;
જ્યુબાલીનો સાજ, રૈયતને મન ભાવીયો.
આનંદ દ્વારોદ્વાર, દીવાળીસમ વર્તીઓ;
જે સુધરેલી નાર, દીઠી કહલ મલર્તીઓ.

લીધો મ્હોટો લાવ, કીધી ભક્તિ રાજની;
મનસુખનો બહુ ભાવ, શી કહું શોભા આજની.

હરિગીત છંદ.

વિક્ટોરીઆ એમ્પ્રેસ કેરૂં, રાજ જગમાં રાજતું;
શોભીત શક્ર સમાન છે, ભુમિ ભર્તમાં અતિ છાજતું.
જ્યાં જ્યાં અમલ એમ્પ્રેસનો, ત્યાં આગના એવી કરી;
તે આગનાથી ઠામ ઠામે, ક્રિયા જ્યુબીલી ઠરી. ૧
શુભ મ્હાલ સાણંદ શોભતો, મન લોભતો લાયક ઘણો;
ત્યાં રાવ નવનિધરાય, મામલતદાર લાયક લક્ષણો.
મેળવી મોટા મેમ્બરો, વળિ ચેમ્બરો રૂડી ભરી;
કરિ દ્રવ્ય સંખ્યા એકઠી, પ્રેરણા ઉત્સવની કરી. ૨
જુળચંદભાઈ જેસંગભાઈ, જે શેઠ અમદાવાદના;
પ્રખ્યાત હઠીસિંહ છે, ત શેઠની ઓલાદના.
વળિ મગનભાઇની ગાદિએ, સારાભઈ જે શેઠીઆ;
તે જ્યુબીલીના સમયમાં, સાણંદ મધે બેઠીઆ. ૩
જ્યુબીલિ ઓત્સવ કારણે, ઠિક મદદ કીધી પ્રીતથી;
આભારે માની ડાકતરે, સાબાશિ આપી ચીતથી.
સાહેબ રિડની રે'મથી, નાણાં મળ્યાં સરકારથી;
સાણંદવાશી સજ્જનોએ રાખીઆં આભારથી. ૪
વળી રાય રણમલસીંહ જે, દરબારે સાણંદ ગામના;
રૂપાળીબાની હોંસથી, હમેશ રાખી નામના.
ઉમંગથી આશ્રય આપી, દેશહિત જણાવિયું;
એવા જનોની મદદથી, જ્યુબીલી કરવા ફાવીયું. ૫
જન જુથમાં અદભૂત આનંદકારી ઉત્સવ આદરી;
કેસરેહિંદના હક વિશે, પ્રભુ પ્રાર્થના અદકી કરી.

ઘર ઘર દીપોત્સવ કરાવ્યા, વાદ્ય શુભ વગડાવિયાં;
તારીખ સોળ સત્તર ઉભયમન, હર્ષમાં લગડાવિયાં. ૬
શાળા તણા શિશુઓ રિઝાવી, બહુ ઇનામો આપિઆં;
આશ્રય રહિત દુખિઆ જનોનાં, દૂઃખ ભૂખ ઉથાપિયાં.
આનંદ દાતા પિતા માતા, અરજ ઉરમાં ધારજ્યો;
આ એક સમ અનેક જ્યૂબીલીઓ, બહુજ વધારજ્યો. ૭
જ્યુબીલિ માટે પ્રથમ કીધી, હર્ષની અતિ કામના;
વૈદ્યશાળે સભા કરી, મળિ સજન સાણંદ ગામના.
શુભ રાણીજીનું રાજ્ય રાખી, દુઃખ સૌનાં કાપજો;
બહુ હર્ષના વૃધી અતી, મનસુખ સૌને આપજો. ૮

ત્યારબાદ અહીંઆંની નિશાળના એક વિદ્યાર્થી રોબેન બેન્જામીને એક કવિતા ગાઈ સંભળાવી હતી તે, રા. રા. મનસુખરામ પ્રેમજીએ સુધાર્યા પ્રમાણે નીચે છાપીછે.

ચોપાઈ.

આજ અતિ આનંદનો દહાડો,
અહીં મેળાવડો થયો ધાડો;
મળ્યા મોટા સદગૃહસ્થો આજે,
કૈસરેહિંદની ભક્તિ કાજે. ૧
વળી ગરિબો તણાં દુઃખ હરવા,
છોકરાઓનાં મન ખુશ કરવા;
સભા મળી સહુ સાહેબો તણી,
દયા કીધી વીદ્યાર્થીઓ ભણી. ૨
ધન્ય ઘડી ધન્ય દાહાડો છે આજ,
મ્હારાણીનું રહો કુશળ રાજ;
વળી રોબિન દેછે આશીશ,

જય કરજો રાણીજીની પ્રજા. ૩

ત્યારબાદ અધ્યક્ષ સાહેબે બાકી રહેલાં છોકરાઓને ઇનામ તથા મિઠાઈ વહેંચ્યાં હતાં ને ફરી તમામ છોકરાઓને તથા છોડીઓને ગોધરેથી આવેલી મહારાણી સાહેબની જ્યુબિલી માટે રચેલી કવિતાની ચોપડીઓ તથા મિઠાઈ વહેંચ્યાં હતાં.

ઇનામની ક્રિયા થયા પછી આશરે પોણોસો ઉપર ગરીબોને (જેવાં કે આંધળાં, લંગડાં, લૂલાંઓને) લુગડાં, ચવાણું તથા મિઠાઈ આપવામાં આવ્યાં હતાં તથા કચેરીના તમામ પટાવાળાઓને તથા હથિઆરબંધ પોલીસના માણસોને તથા ટપાલના પટાવાળાને તથા મ્યુનિસિપાલીટીના પટાવાળાને તથા ડીસ્પેનસરીના પટાવાળાને તથા વેક્ષીનેટરના પટાવાળાને એક એક શીફળ તથા ચવાણું તથા લાડવા આપવામાં આવ્યા હતા.

મેળો.

ત્યારબાદ સિદ્ધનાથ મહાદેવ આગળ મેળો ભરાયો હતો ત્યાં સભાનાં બધાં માણસો હળી મળી ગયાં હતાં. પહેલાં બધા હજારી માતાના દેવળમાં ગયા ને તમામ હિંદુ ગૃહસ્થોએ માતાની પૂજા કરી ઘીનો દીવો મૂક્યો હતો તથા નાળીએર વધેરીને માતાનો પ્રસાદ તમામ લોકોને વહેંચવામાં આવ્યો હતો. ત્યાર પછી બધા મળી મુસાફરી બંગલામાં ગયા હતા. ત્યાં છોડીઓએ God save the Queen ઈશ્વર તું રાણીનું રક્ષણ કરજે એ ગાણું ગાયું હતું તથા દેશી વાજા વાળાઓએ વગાડ્યું હતું. તે વખત મહારાણી સાહેબના માન ખાતર બધા ઉભા રહ્યા હતા. ત્યારબાદ આજમ મગનલાલ

ગોવિંદરામ અવલ કારકુન સાહેબે મહારાણીનો જય થાઓ એમ કહ્યા ઉપરથી બધાઓએ એ પ્રમાણે કહ્યું હતું. ત્યાંથી બધા મળી સિદ્ધનાથ મહાદેવમાં ગયા ને હિંદુગૃહસ્થોએ માહાદેવનાં દર્શન કર્યા પછી ત્યાં આગળ વડોની જે ઘટા છે ત્યાં મેળો ભરાયો હતો. તે વખતે છોડીઓ દેશી રીવાજ પ્રમાણે ફેરાઓ ફરી તાળીઓ પાડતી ગરબીઓ ગાતી હતી. છોકરાઓ મહારાણી સાહેબનો જય થાઓ વિગેરે શબ્દો કહેતા હતા. તથા બધા લોકો મહારાણી સાહેબનું રાજ્ય બહુ સારૂં છે એવી એકએકમાં વાતો કરતા તથા આ બે દહાડા જે આનંદ ફેલાયો છે તેની વાતો કરતા જણાતા હતા. એક બાજુએ દેશી વાજા વાળા વાજુ વગાડતા હતા. મહારાણી સાહેબની તથા તેમના બધા કુટુંબની ફૂલથી વધાવેલી છબીઓ બધાના જોવામાં આવે એવી રીતે ઊંચે રાખવામાં આવી હતી. આવી રીતે આ મેળાવડો થયો હતો તેમાં ભેગા થએલા જૂદી જૂદી નાતના તમામ લોકોને મહારાણી સાહેબના રાજ્યથી ઘણા ફાયદા થયાછે, તે કહી સંભળાવવાની આ સારી તક છે એમ જાણીને મી. જોસફ બન્જામીને નીચે મુજબ ભાષણ કર્યું.

આપણાં મહા પ્રતાપી મહારાણી સાહેબને રાજ્ય કરતાં આ પચાસમું વરસ છે તેની ખુશાલી તરીકે પાળવા તા. ૧૬ તથા ૧૭ મી ફેબરવારી એ બન્ને દહાડા નામદાર હિંદુસ્તાનની સરકારે નીમ્યાછે. મને કહેવાને અત્યાનંદ થાયછે કે જ્યુબિલી એ મૂળ શબ્દ અમારી ભાષામાંથી ઉત્પન્ન થએલોછે. પેહેલાં અમારા રાજ્યકર્તા વિગેરેઓને પચાસ વર્ષ થતાં ત્યારે પચાસમે વર્ષે તેનો ઉત્સવ પાળવામાં આવતો હતો તેને યોબેલ

વરસ કહેવામાં આવતું. તેજ રીવાજ પાછળથી બીજા દેશમાં શરૂ થએલોછે. આપણાં મહારાણી સાહેબ તા. ૨૪ મી મે સને ૧૮૧૯ ના રોજ જન્મ્યાંછે, તેથી તેમને હાલ ૬૮ મું વરસ જાયછે. તેઓ તા.૨૦ મી જુન સને ૧૮૩૭ ના રોજ ગાદીએ બેઠાં ત્યારથી આ દેશને તેમના રાજ્યવડે બહુ સુખ થયું છે. દેશમાં કેળવણીનો છાંટો નહોતો તે હાલમાં કેળવણી દરેક કોમમાં બહુ ફેલાઇ ગઇછે. આ કેળવણીથી લોકોની માનસિક શક્તિમાં બહુજ સુધારો થયોછે. હિંદુસ્તાન જે પહેલાં વિદ્યાની બાબતમાં બધા દેશોમાં અગ્રેસર ગણાતું તેના સંસ્કૃત ભાષામાં લખેલા વૈદ્યકીય, શાસ્ત્રીય, વૈદિક વિગેરે અનેક જાતના ગ્રંથો જે કે પરદેશના અમલના લીધે અંધારામાં પડી રહ્યા હતા, તેમનું પુનર્જિવન થયુંછે ને થતું જાયછે. સંસ્કૃત ભાષા જે આ દેશમાં હમણાના વખતમાં બોલાતી બધી ભાષાઓની મૂળ છે અને તેથી કરીને તેને એ ભાષાઓની માતા એ નામ શોભેછે તેનું આ રાજ્ય વડે પુનર્જિવન થયુંછે, તથા લોકોને આ ભાષાનું જ્ઞાન મેળવવા ઉત્તેજન મળ્યુંછે. ઈંગ્રેજી ભાષાનું જ્ઞાન બધે ફેલાયુંછે તેથી કરીને તે ભાષામાં અનેક શાસ્ત્રો ઉપર જે જુદા જુદા ગ્રંથો છે તેની માહિતી થઇછે. ઠેર ઠેર છાપાનીમાં તથા વર્તમાન પત્રો જૂદા જૂદા વિષયો ઉપર ફેલાયાંછે જેથી કરીને દરેક ઠેકાણે આખા પૃથ્વી ઉપર શું થાયછે તેની ખબર બધે મળેછે. મહારાણી સાહેબનું રાજ્ય થયા પછી દેશી ભાષામાં પણ ઘણાએક ગ્રંથો છપાયા છે કે જેથી કરીને તે ભાષાઓને પણ ઉત્તેજન મળ્યુંછે. ઠેર ઠેર ધર્મશાળાઓ, દવાખાનાંઓ, નિશાળો સ્થપાઇછે જેથી કરીને રૈયતને બહુ સુખ થયુંછે. બધે ઠેકાણે સડકો, નહેરો વિગેરે બં-

ધાયાંછે જેથી કરીને આવવું જવું સગવડવાળું થયુંછે. ઘણે ઠેકાણે આગગાડીઓ થવાથી બહુ અડચણો દૂર થઇછે ને મુસાફરી બહુ સુગમ થઇછે. પહેલાં સાથે કંઇ પૈસા વિગરે લેઇ જવું બહુ કઠણ થઇ પડતું હતું પણ હમણાં બિનહરકતે થોડે પૈસે થોડાજ વખતમાં એક ઠેકાણેથી બીજે ઠેકાણે લેઇ જઇ શકાયછે તથા વેપારની વૃદ્ધિ થઇછે. ખેડુતોને પણ બહુ સુખ થયુંછે, કેમકે દરેક ખેતરના કસ પ્રમાણે વિઘોટી બાંધવામાં આવીછે. પહેલાં ખેડુતોને પાક લૂટી જવાની દહેશત રહેતી હતી તે બધી મટી ગઇછે. પહેલાં રસ્તે જતાં પિંઢારા વિગરે લોકો બહુ લૂટતા હતા તે ધાસ્તી પણ જતી રહી છે. લોકોના રક્ષણ સારૂ પોલિસ રાખવામાં આવીછે તથા બીજાઓ આવીને દેશ ઉપર હુમલો ન કરી શકે તે વાસ્તે લશ્કર રાખવામાં આવ્યુંછે. લોકોને યોગ્ય ન્યાય મળે તે સારૂ બધે કોર્ટો, કચેરીઓ સ્થાપવામાં આવીછે, તથા લાયક દેશીઓને સારી સારી જગાઓ આપવામાં આવેછે. તારયંત્ર પણ ઘણે ઠેકાણે થયુંછે કે જેથી કરીને જરૂરની એક જગાની બાતમી બીજી જગાએ ઘડીકમાં પહોંચેછે. તથા જૂદી જૂદી જાતનાં યંત્ર તથા કળાઓની લોકોને માહિતી થઇછે કે જેથી કરીને વેપારને ઉત્તેજન મળ્યુંછે. હમણાં હુન્નર બાબતની કેળવણી આપવા પણ ગોઠવણ થાયછે. એવી રીતે અનેક સુખ આ રાજ્ય વડે થયાંછે સહુથી મોટું સુખ આ રાજ્યથી એ થયુંછે કે દરેક ધર્મના લોકોથી પોતાનો ધર્મ બિન હરકતે પાળી શકાયછે તથા જાળવી શકાયછે. પહેલાંના વખતમાં એટલે મુસલમાન રાજાઓના વખતમાં હિંદુઓને ધર્મની બાબતમાં બહુજ દુઃખ ખમવું પડતું હતું તેથી કરીનેજ આ રાજ્ય બહુજ સારૂં ગ-

ણાયછે ને લોકોને વહાલું થયુંછે.માટે ઈશ્વર આવાં દયાળુ મહારાણી સાહેબને ઘણાં વર્ષ સુધી આપણા ઉપર રાજ્ય કરકરવા રાખે, તથા તેમનું રાજ્ય અમર રહો! (તાળીઓ)

ત્યારબાદ અહીંઆના રહીશ રા. રા. મહાશંકર નથુરામ મ્યુનિસિપાલીટીના મેમ્બરે ભાષણ કર્યું તેની મતલબ નીચે મુજબ છે.

તેમણે કહ્યું કે દાક્તર સાહેબના ભાષણને હું ટેકો આપુંછું, ને વધારે જણાવુંછું કે, પહેલાંના વખતમાં કાશી, જગંનાથજી, દ્વારકાં વિગરે ઠેકાણે જાત્રા કરવા જવાને બહુ મુસીબતો પડતી ને જાત્રાનો લાભ પૈસાવાળાઓનેજ મળતો; ગરીબોને બિચારાઓને એમને એમ બેશી રહેવું પડતું. પણ હમણાં થોડા ખર્ચમાં ને થોડા વખતમાં ગરીબ પણ જાત્રા કરી શકેછે. દાકતર સાહેબે બધું કહ્યું છે તેથી ફરીવાર કહી તમને તસ્દી આપતો નથી, પણ છેવટ રાણીનો જય થાઓ એવું કહીને મારૂં ભાષણ પૂરૂં કરૂંછું.

વરઘોડો.

ત્યારબાદ ત્યાંથી પેહેલે દિવસે જેવી રીતે વરઘોડો નીકળ્યો હતો તેવીજ રીતે સડકે થઈને ધરમશાળા તરફ થઈને બજાર ચોકી તરફથી દવાખાના આગળથી ખાનગી ગુજરાતી નિશાળના ચોકમાં થઈને પટેલીઆવાડમાં તથા ગરાસિઆવાડમાં થઈને રાવસાહેબ નવનીધરાયજીના ઘેર ઉતર્યો હતો. પેહેલે દિવસે વરઘોડામાં જેવી ધામધુમ થઈ હતી તેવીજ રીતે આમાં પણ થઈ હતી. વરઘોડો ત્યાં ઉતર્યા પછી છોડીઓએ રા. રા. મનસુખરામ પ્રેમજીએ રચેલી નીચે લખેલી કવિતા ગાઈ હતી.

ધોળ.

નવનીધરાયનેરે આંગણે, મંડપ રચાવ્યો વિશાળ;
શોભેછે ઝાક ઝમાળ, ફરતીછે ફુલડાની માળ, નવનીધ૦ ૧
કદળી સ્થંભ રોપાવીયા, મલમલે કીધી કમાન;
હાંડી તકતા સોહાવીયા, મંડપ રચના ગુલતાન, નવનીધ૦ ૨
અવની જાજમો પાથરી, તેપર તકીઆની હાર;
સજ્જન તેડ્યા સૌ ગામના, તેમાંછે નર વળી નાર, નવનીધ૦ ૩
ડાક્તર રજીસ્ટ્રાર આવીઆ, પછી આવ્યા ફોજદાર;
સેક્રેટરી સંગ લાવીયા, સ્ટેશન માસ્તર સાર, નવનીધ૦ ૪
અવલકારકુન આદી ઘણા, ઝાઝો મુત્સદ્દી વર્ગ;
શેઠ શાહુકારની નહીં મણા, જાણે શોભ્યુંછે સ્વર્ગ, નવનીધ૦ ૫
નરગુણ ગાએ જ્યુબિલીના, નારીઓ ગાયછે ગીત;
બાળી રચના તે રાતની, ઉપજીછે ઝાઝેરી પ્રિત, નવનીધ૦ ૬
લ્હાણીઓ લીધીછે ભાવથી, આનંદ કીધો અથાગ;
લોકોની ઠઠ તો ભારે મળી; મનસુખને જોવાનો લાગ, નવનીધ૦ ૭

ત્યારબાદ રાવસાહેબે બધાંને પાનસોપારી આપ્યાં હતાં તથા છોડીઓને પતાસાં વહેંચવામાં આવ્યાં હતાં.

ચાહપાણી.

ત્યારબાદ ફોજદાર સાહેબ મહમદમિઆંએ નીચે લખેલા અમલદારોને ચાહપાણી કરાવ્યાં હતાં.

• રાવસાહેબ નવનીધરાય માધવરાય મામલતદાર, આજમ મગનલાલ ગોવિંદરામ અવલકારકુન, આજમ બાપાલાલ લલુભાઈ સબરજીસ્ટ્રાર, આજમ મનસુખરામપ્રેમજી તાલુકા સ્કુલ માસ્તર, રા. રા. ઉત્તમરામ સ્ટેશન માસ્તર, ને મી. જોસેફ બેન્જામીન દાક્તર, તથા પોસ્ટ માસ્તર તાપીશંકર. ચાહ પાણી

થયા બાદ બધા અમલદારો રોશની તથા આતશબાજી જોવા નીકળ્યા. રોશનીનો ઠાઠ પેહેલા દહાડા જેવોજ થયો હતો. રોશની જોવા પછી ખાનગી ગુજરાતી નિશાળના આગળના ચોકમાં આતસબાજી છોડવામાં આવી હતી તેની ધામધુમ પણ પહેલા દિવસ જેવીજ હતી. ત્યાર પછી બધા વીખરાયા હતા.

કિર્તન.

રાત્રે નવ વાગે કિર્તન કરવા સારૂ રાવસાહેબ નવનીધરાયજીના ઘેર બે મંડળીઓ બોલાવી હતી. એક મંડળી આ ગામના બ્રાહ્મણ વિગરેની તથા બીજી સાધુઓની. બ્રાહ્મણની મંડળીમાં રા॰ રા॰ મહાશંકર નથુરામ તથા પટેલ જેઠાભાઈ હકીસંઘ એ બન્ને મ્યુનિસિપાલીટીના ગામના કમિશનરોએ સારો ભાગ લીધો હતો. કિર્તન સાંભળવા લોકોની બહુજ ગર્દિ મળી હતી. સાધુઓની મંડળી ખાખરાના પ્રખ્યાત સાધુ શામદાસજી મહારાજજીના પ્રમુખ પણા હેઠળ મળી હતી. ત્રણ વાગે બધાઓને પ્રસાદ વહેંચ્યા પછી કિર્તન પૂરૂં કરવામાં આવ્યું હતું. કિર્તન પૂરૂં થયું તો પણ સાધુઓના મનમાં એટલો ઉમંગ જણાતો હતો કે વહાણા સુધી ભજન કરવાની તેમની મર્જી જણાતી હતી.

ગરબો.

એક બાજુએ ભજન ચાલતું હતું તથા બીજી બાજુએ ગામના ઘણાખરા અમલદારોની તથા સદ્ગૃહસ્થોની આશરે સો ઉપર સ્ત્રીઓ ભેગી થઈ દેશી રીવાજ પ્રમાણે ગરબો ગાતી હતી. આ બધાઓને રાવસાહેબના ઘેરથી ચાહપાણી આપવામાં આવ્યું હતું તથા મિઠાઈની લાણી કરવામાં આવી હતી.

કિર્તન પૂરૂં થયું કે તરતજ મહારાણી સાહેબનો જય થાઓ એવો એકજ ધ્વની ઘણી વાર સુધી બધે વ્યાપી રહ્યો હતો. એવી રીતે ઘણાજ ઉમંગથી આ બે દહાડા પસાર થયા હતા. લોકોએ આ બે દહાડા પાકી પાળીને તેહેવાર તરીકે પાળ્યા હતા ને પોતાથી બને તેટલું કરી પોતાની રાજ્યભકિત બતાવી હતી.

છેવટ.

આણંદમાં કોઈ દહાડો થએલી નહીં એવી ધામધુમ આ વખતે કરવામાં આવી તેનો જશ રાવસાહેબ નવનીધરાય માધવરાય મામલતદાર તથા મ્યુનિસિપાલીટીના ચેરમેનને ઘટેછે. તેમનાજ પ્રયત્ન તથા મહેનત વડે એટલા રૂપિઆ અહીંઆં ભરાયા તથા એટલી બધી ધામધુમ કરવામાં આવી.

અમદાવાદના શેઠ મૂળચંદભાઈ હઠીસંગ તથા સારાભાઈ મગનભાઈ કરમચંદ તથા અહીંઆના દરબાર સાહેબ માહારાણા શ્રી રણમલસિંહજી ભગવતસીંહજી તથા અહીંઆના જીનના કારખાના વાળા તરફથી રા. રા. ભોગીલાલ છગનલાલ તથા રાવસાહેબ નવનીધરાવજી વિગરે એ સારી મદદ આપી છે માટે કમિટી તેમનો આભાર માનેછે. સરકાર તરફથી તથા મ્યુનિસિપાલીટી તરફથી પણ યોગ્ય મદદ મળી છે તે પણ સ્તુતિપાત્ર છે. આ ગામના તમામ અમલદારો, કારકુનો, તાલુકાના બધા તલાટીઓ તથા આ ગામના શેઠ શાહુકારો તથા પટેલ, બ્રાહ્મણ, ગરાસિઆ, વાણિઆ વિગરે તમામ વર્ણો તથા ચોરવડોદ્રા, શિયાવાડા, દાદર, સરએજ, ગોધાવી, નવાપુરા, કાસંદ્રા, વિસલપુર વિગરે ગામના લોકોએ નાણાં આપ્યાં છે તથા ઉલટથી ભાગ લીધો છે તે માટે કમિટી સર્વનો

આભાર માને છે, તેમાં મુખ્યત્વે કરીને આ પ્રસંગમાં અહીં-આની કચેરીના કારકુન રા. રા. છોટાલાલ હરીલાલ ઠાકોરે સામાન વિગરે લાવવામાં તથા બંદોબસ્ત રાખવામાં બહુજ મદદ કરી છે તે માટે કમિટી તેમનો ઉપકાર માને છે. તેમણે પહેલાં પણ જ્યારે નામદાર ગવરનર સાહેબ લાર્ડ રૈને અહીં-આની રૈયત તરફથી માનપત્ર આપવામાં આવ્યું ત્યારે પણ માનપત્ર વિગરે છપાવવામાં તથા જોઇતી ચીજો લાવી આ-પવામાં બહુ મેહેનત લીધી હતી. રા. રા. બાપાલાલ લલુભાઈ સબરજીસ્ટ્રાર તથા આજમ મગનલાલ ગોવિંદરામ અવલકા-રકુન એ બન્ને ગૃહસ્થોએ આ કામમાં સારી મદદ કરી તેથી કમિટી તેમનો પણ આભાર માનેછે. તથા મ્યુનિસિપાલ સેક્ર-ટેરી જેસંગ જેમલ તથા મ્યુનિસિપાલ કારકુન તારાચંદ મૂળ-જીએ આ કામમાં ઉમંગ સાથે બહુજ મહેનત કરી છે તે સ્તુતિપાત્ર છે.

છેવટ જ્યુબિલી ફંડમાં જેઓએ નાણાં ભર્યાં છે તેમની જુદી ટીપ આપવામાં આવીછે તે ઉપરથી કુલ રૂપિઆ કે-ટલા ભરાયા તે જાણવામાં આવશે. તે પ્રમાણેજ ખરચ શુંશું ને કેટલું થયું તેની પણ વિગતવાર હકીકત પાછળ આપી છે તેથી પણ ખર્ચની સવિસ્તર હકીકત વાંચનારના જાણવામાં આવશે. આ રકમમાંથી જે સિલીક રહીછે તે તથા મ્યુનિ-સિપાલીટી તરફથી જે મદદ મળીછે તેમાંથી અહીંઆં હાલ જે મકાનકી લાયબ્રેરી બંધાય છે તેના ઉપર મેડો બાંધવામાં આવશે ને તેને 'વિક્ટોરીઆ જ્યુબિલી હાલ' એવું નામ આ-પવામાં આવશે.

છેવટ પરમેશ્વર સાણંદમાં હમેશાં આનંદના દેહાડા દાખવો એવી તેને પ્રાર્થના કરી આ જ્યુબિલીનો વૃત્તાંત પૂરો કરવાની વાંચનારાંઓ પાસેથી નમૃતા પૂર્વક રજા લઈએછીએ.

JOSEPH BENJAMIN,

જ્યુબિલી કમિટીના ચિટનીસ,

સાણંદ.

જમાં.

અમદાવાદ.

૫૧) રાવબહાદુર મુલચંદભાઇ હડીસિંગ તથા શેઠ સારાભાઇ મગનભાઇ કરમચંદ માણકોરના ઇનામદાર.
૨૫) રાજમાનરાજેશ્રી ભોગીલાલ છગનલાલ સાણંદના જીનના કરખાતાવાળા તરફથી.
૧૦) ખાનબહાદુર પેરતનજી શેઠ આબકારી કંટ્રાકટર.
૫) રા. રા. રણછોડલાલ હીરાચંદ અફીણના ઇજારદાર.

—

૯૧

સાણંદ—સરકારી અમલદારો.

૧૫) રાવસાહેબ નર્વાંધરાય માધવરાય મામલતદાર સાહેબ.
૫) મી. જોસેફ બેન્જામીન દાકતર સાહેબ.
૫) રા. રા. મનસુખરામ પ્રેમજી સ્કુલમાસ્તર.
૩) આજમ મગનલાલ ગોવીંદરામ અવલકારકુન.
૨) રા.રા. બાપાલાલ લલુભાઈ સબરેજીસ્ટ્રાર.
૨) આજમ મહમદમિઆં ઉમરમિઆં ચિફ કોનસ્ટેબલ.
૨) રા. રા. છોટાલાલ હરીલાલ કારકુન.
૨) રા. રા. ચમનલાલ ગોવીંદલાલ સબઓવરસીઅર.
૨) રા. રા. મુખી નથુભાઈ લાલદાસ.
૧) રા. રા. તાપીશંકર સબ પોષ્ટમાસ્તર.
૧) રા. રા. બાપુજી કસીઆજી કારકુન.
૧) રા. રા. ચંપાશંકર અનોપરામ કારકુન.
૧) બળવંતરાવ ખુશાલરાવજી કારકુન.
૧) રા. રા. અંબાલાલ પશુરામ કારકુન.
૧) રા. રા. જેસિંગ જેમલ મ્યુનિસિ. સેક્રેટરી
૧) રા. રા. ભાઈલાલ નગીનદાસ મ્યુસિપાલીટી કારકુન.
૦॥ રા. રા. ગોકળભાઇ મકનદાસ કારકુન.
૦॥ રા. રા. ભાઇજી જેઠાભાઈ કારકુન.
૦॥ રા. રા. રણછોડલાલ કારકુન.

૦ા રા. રા. લક્ષ્મણરાવ ગોવીંદરાવ કારકુન.
૦ા રા. રા. કલ્યાણરાયજી કારકુન.
૦ા રા. રા. મગનલાલ હરજીવનદાસ સબ રજીસ્ટાર કારકુન.
૦ા રા. રા. ભોગીલાલ અમથાસા પે૦ આસીસ્ટંટ માસ્તર.
૦ા રા. રા. પરસોતમ હરીશંકર કન્યાશાળાના મેહેતાજી.
૦ા રા. રા. ડોસુમિઆં બાપુમિઆં.
૦ા રા. રા. ગીરજાશંકર મણીશંકર તલાટી.
૦ા ,, મોહનલાલ નાહાનાલાલ તલાટી.
૦ા ,, છોટાલાલ માણેકજી તલાટી
૦ા ,, ગણપતરાવ ભીખાજી ,,
૦ા ,, મુળજી હરજીવનદાસ ,,
૦ા ,, ગવરીશંકર રાયકૃષ્ણ ,,
૦ા ,, વૈકુંઠરામ રાજારામ ,,
૦ા રા. રા. બાપુજી દયારામ તલાટી.
૦ા રા. રા. લાલભાઈ રેહેમાન તલાટી.
૦ા રા. રા. કસનદાસ જમનાદાસ તલાટી.

૦ા રા. રા. મોતીલાલ હરીલાલ તલાટી.
૦ા રા. રા. ગવરીશંકર મયારામ તલાટી.
૦ા રા. રા. હરીલાલ મનસુખરામ ,,
૦ા રા. રા. પ્રાણશંકર મયારામ ,,
૦ા રા. રા. મણીલાલ દોલતરામ ,,
૦ા રા. રા. હરીલાલ વિશ્વનાથ ,,
૦ા રા. રા. મણીલાલ પ્રાણશંકર ,,
૦ા રા. રા. મગનલાલ શંકર ,,
૦ા રા. રા. મથુરદાસ હરજીવનદાસ ,,
૦ા રા. રા. મણીલાલ વૃજભુખણ ,,
૦ા રા. રા. રળીયાતરાતરામ મયારામ,,
૦ા રા. રા. મણીલાલ છોટાલાલ ,,
૦ા રા. રા. ગોવીંદલાલ છોટાલાલ ,,
૦ા રા. રા. રણછોડ ગોરધન ,,
૦ા રા. રા. ગોપાળ હરજીવનદાસ ,,
૦ા રા. રા. નરસીલાલ દેવશંકર ,,
૦ા રા. રા. છોટાલાલ મોહનલાલ ,,
૦ા રા. રા. રણછોડ વિશ્વનાથ ,,
૦ા રા. રા. ત્રીકમલાલ જેઠાલાલ ,,

ના રા. રા. કલ્યાણદાસ હરગોવનદાસ,,
ના રા. રા. રામચંદ મગનલાલ ,,

૬૫॥

સદ્ગૃહસ્થો.

૨૫) મ. સાણંદ દરબાર સાહેબ રણમલ-સિંઘજી ભગવતસિંઘજી.
૫) શેઠ ગફુલભાઈ જેમલભાઈ.
૪) મેહેતા ચંદ્રભાણ દેવકરણ.
૩) પંડ્યા મહાશંકર નથુરામ મ્યુનિ૦ કમીશનર
૩) મેહેતા લલુભાઈ ભાઈચંદ લોકબો.નામેંમર
૨) જાની કલ્યાણજી પુંજારામ વકીલ.
૨) શેઠ નાથા આણંદજી.
૧) નાનચંદ શાંતીદાસ શા.
૧) મેતા મગન ચુનીલાલ.
૧) મેતા પ્રાનાચંદ રાઘવજી.
૧) શા. રેવચંદ શવચંદ
૧) શા. ટોકર હરખા
૧) વાઘેલા કુબેરજી સરદારસિંગ મ્યુનિ-સીપાલ કમીશનર.
૧) શા. દેવકરણ પુંજા.
૧) મેહેતા મલુકચંદ દેવચંદ.
૧) પટેલ જેઠાભાઈ હઠીસંગ મ્યુનિસિપાલ કમીશનર
૧) સોની પ્રેમજી વિઠલ.
૧) મેહેતા જેઠાભાઈ રવચંદ.
૧) પટેલ ચતુર ડોસાભાઈ.
૧) વહોરા આજમ રસુલ.
૧) પટેલ કુબેર જેસંગદાસ.
૧) શા. રાઘવજી ગલાબચંદ.
૧) વહોરા લતીભાઈ રસુલભાઈ.
૧) સોની માવજી ચીકા.
૧) સોની નાગર મોતી.
૧) શા. નાગજીભાઈ વખતચંદ મ્યુનિસી-પલ કમિશનર.
૧) શા. રાયચંદ દોલતચંદ.
૧) લવાર ગણેશ નારણ.

૧) મેહેતા લેહેરા સોમકરણ.
૧) મેહેતા ફુલચંદ કરમચંદ.
૧) ભાવસાર નરસી લખુ.
૧) ઘાંચી જીવા ગગલ.
૧) લવાર મેહેચર ખુશાલ.
૧) મેહેતા અમીચંદ તેજપાળ મોદી.
૧) ઘાંચી પુંજા નાહાના.
૨૬) પરચુરણ ગામ લોકો તરફથી રૂ૦ાા અને રૂ૦ા ભરેલા તે બધાના મળીને.
પાાા નવાવાસમાં આગેવાન પટેલ ડુંકા- ઓરદાસ તથા પ. ભાવસંગ મોરાર.
૬) સાબુઆવાડના પટેલ રાયધન.
૬) બરળીઆપોળના પંચના.
૪) પટેલ ગોપાળ માધવજી વિગેરે.
૧) પટેલ નરસી વનમાળી.
૧) પટેલ ભાવજી હરજી.

ચાંગોદર.

૨૦) નથુચંદ પીરભાઈ મહમદભાઈ તથા નથુ વલી.

વિસલપુર.

૧૦) શા. મગન લખમીચંદ વિગેરે.
૧) શા. દલીચંદ લાલચંદ વિગેરે.
૦ાા પરચુરણ.
૬) પટેલ. રામસી હરજીવન માલ કારકુન.

કાસંદ્રા.

૨) પટેલ. ઝવેર પરસોતમદાસ.
૨) પટેલ. બાબરભાઈ સાંકળભાઈ.
૪) પટેલ. મથુરભાઈ જીજીભાઈ.
૪) પટેલ. શંકર વસ્તાભાઈ
૧) દવે. ભવાનીશંકર કરૂણાશંકર.
૨) દવે. ગવરીશંકર જેઠાલાલ વિગેરે ના મળી કુલ પરચુરણ
૨) નાગર નરોતમદાસ

---

૧૭)

ઝોલાપુર.

૧) પા. ગણેશ હરી.
૧) પા. ખોડા દેવા.

૧) પા. રામજી કાના
૧) પા. જામા નથુ.
૧) પા. કલાણુ તેજા.
૧) પા. રામા મંગળ.
૬) પા. દલા નથુ.
૧) ઉચ્ચાં જેસંગ ગલા.
૧) મસાણી. જગા રજુ.
૧) પા. કાલુ કલા.
૧) ઠકર. જીવણુ નથુ.
૧) ઠકર. લાલા પુંજા.
૧) પા. કાવા વાઘા.
૧) પા. માનસંઘ નથુ.
૩) પા. ભાવા હરી.

---

૧૭)

ગોધાવી.

૪) તાલુકદારી તરફથી.
૧) પીતાંમ્બર અમીચંદ.
૧) ભુદર હકમચંદ.
૨) વીરચંદ અમીચંદ.
૨) પીતાંબર ઝવેર.
૧) લવજી પ્રેમચંદ.
૧) ડાહ્યા નેમીદાસ.
૨) ધરમચંદ ગાગજી.
૧) હકમચંદ લખમીચંદ
૧) દોલા જીવરાજ વિગેરે પરચુરણ.

---

૧૬)

ચોરવડોદા.

૧) અજુભાઈ હરીભાઈ.
૨) પુંજા દલાભાઈ.
૨) અમરસી ભવાનભાઈ.
૧) બોઘા હાથીભાઈ.
૧) ભગવાન ગોવીંદ.
૨) શા. પીતાંબર જેઠીદાસ.
૫) ગામ સમસ્ત માઝનના.
૨) મગન વનમાળી વિગેરે.

---

૧૬)

દાદર.

૫) દેસાઈ પ્રાગજીભાઈ રામભાઈ.

સરખેજ.

૧૪) ગામસમુસ્ત મળીને તલાટી મથુરદાસ હરજીવનદાસ તરફથી આવ્યાતે.

સીઆવીડા.

૩) કોલી હડી ગગા.

૧) સોની ગીરધર લાલા.

૧) મુખી કુંવરા લખુ.

૫) મુખી કુંવરા લખુ વિગરેના મતાદાર.

---

૧૦)

નવાપુરા.

૩) બેચરદાસ જીજીભાઈ

૩) ગીરધરદાસ જીજીભાઈ.

૩) તળસીદાસ જીવાભાઈ.

૩) દાળજી જોરાભાઈ.

---

૧૨)

ઉતેલીઆ.

૫) ઉતેલીઆ દરબાર સાહેબ.

કુંડળ.

૫) કુડમના તાલુકદાર બાપુભા મનુંભા જેઠીભાઈ અરજણસંગ સીવસંગ રતનસંગ વિગરે.

સાણંદ.

૧૨૦) મુનિસિપાલીટી તરફથી વિકટોરીઆ જ્યુબિલી હાલમાં મદદના.

૩૮)ાા મ્યુનિસિપાલીટી તરફથી સ્કુલના છોકરા તથા છોકરીઓને ઇનામ આપવા મંજુર થએલા આવ્યાતે.

૫૦) સરકાર તરફથી રોશની વિગરે કરવાં સારૂ મદદના આવ્યાતે.

ચરળ.

૫) ચરળના ઇનામદાર તરફથી આવ્યા તે.

કુલ એકંદર.

૬૪૫ાાાા

ખર્ચ.

૨૯—૧-૯ માનપત્રના સબંધમાં.
૧૦—૦-૦ દરબાર ભરવામાં.
૪૧—૫-૩ વરઘોડામાં.
૯૪—૦—૦ છોકરાઓ તથા છોડીઓને ઇનામ તથા મીઠાઇ ખાતે.
૧૦૨-૫-૯ રોશનીમાં.
૨૫—૦-૦ આતસબાજીમાં
૩૪-૧૨-૯ ગરીબોને અન વસ્ત્રમાં
૭—૦-૩ ઓરછવમાં.
૧૮—૦-૦ તાલુકાના ગામડાની નિશાળોમાં ઇનામમાં.
૬—૫-૭ પરચુરણ.

૩૬૭-૧૫-૪ કુલ ખર્ચ.
૨૭૮-૧૫-૮ શિલીક.

૬૪૬-૧૫-૦ કુલ એકંદર.